શેઠ માણેકલાલ ચુનીલાલ ગ્રંથમાળા પુષ્પ ૪ થું.

श्री श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.
जि. गांधीनगर, पिन-382009.

શ્રી

# અધ્યાત્મ બારાક્ષરી

[ અધ્યાત્મ બત્રીશી અને
ઉપદેશબાવની સહિત ]

પ્રકાશક
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

*

વીર સં. ૨૪૬૭

શેઠ માણેકલાલ ચુનીલાલ ગ્રંથમાળા પુષ્પ ચોથું

શ્રી

# અધ્યાત્મ બારાક્ષરી

(અધ્યાત્મબત્રીશી ને ઉપદેશબાવનીયુક્ત)

પ્રાચીન લખેલ બુક ઉપરથી પ્રયાસપૂર્વક સંશોધન
કરીને ૪૩૭ દુહા પ્રમાણ બારાક્ષરી તથા
બીજી બે ઉપયોગી વસ્તુઓ

તૈયાર કરી છપાવીને પ્રસિદ્ધ કરનાર

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

ભાવનગર

વીર સં. ૨૪૬૭ ] : : [ વિક્રમ સં. ૧૯૯૭

કિંમત ત્રણ આના

# અનુક્રમ


| | |
|---|---|
| | પૃષ્ઠ |
| ૧. અધ્યાત્મ બારાક્ષરી દુહા ૪૩૭ ... ... | ૧ |
| ૨. અધ્યાત્મ બત્રીશી ( બનારસીદાસકૃત ) ... | ૫૬ |
| ૩. ઉપદેશબાવની ( શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત સવૈયા ૬૨ ) ... ... ... | ૬૦ |


**આદરપૂર્વક વાંચો ને બીજાને વાંચવા આપો.**


મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ,
શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ–ભાવનગર.

# પ્રસ્તાવના

થાણાદેવલીનિવાસી ધર્મબંધુ શા. અમૃતલાલ માવજીની પાસે ઘણા જૂના વખતની લખેલી **અધ્યાત્મબારાખડી** હતી તેનો ઉદ્ધાર કરવા તે વસ્તુ તેમણે અમને આપી. તે ઉપરથી પ્રેસકોપી કરાવી તેમાં કેટલોક સુધારો કરી, કઠીન શબ્દોના અર્થો લખી આ બુકમાં પ્રારંભમાં દાખલ કરી છે. તેમાં કર્ત્તાએ દરેક અક્ષર ( વ્યંજન ) ઉપર જુદા જુદા સ્વરયુક્તવ્યંજનના પ્રારંભવડે બાર બાર દુહા બતાવેલા છે. વ્યંજન પાંચ વર્ગના ( ૨૫ ) ઉપ-રાંત ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ ને ક્ષ એ ૩૫ વ્યંજન ઉપર બાર બાર દુહા હોવાથી કુલ ૪૨૦ દુહા છે અને પછી અ, આ વગેરે ૧૨ સ્વરના પ્રારંભવાળા ૧૨ દુહા છે અને છેવટે ૫ કુલ ૪૩૭ દુહા છે. અનુનાસિક **ङ**, **ञ** અને **ण** ને બદલે **न** નો ઉપયોગ કરવામાં આવ્યો છે; તેમજ **ष** ને બદલે **ख** નો પ્રયોગ ઉચ્ચારમાં ને અર્થમાં કરેલ છે. **ळ** થી શરૂ થતા શબ્દો ન મળવાથી બીજી વાર **ल** ના બાર દુહા લખ્યા છે. સંવત ૧૮૫૩ ના જેઠ શુદિ ૩ ને ગુરુવારે કર્ત્તાએ આ રચના કરી છે, પરંતુ તેમાં કર્ત્તા તરીકે પોતાનું નામ આપ્યું નથી. આવા નિરભિમાની મનુષ્યો ધન્યવાદને પાત્ર છે. અધ્યાત્મ-રસિક મનુષ્યો માટે આ દુહાઓ પરમ ઉપકારક થાય તેવા છે. અમે તેના કર્ત્તાનો અને અમને આ દુહાઓ પ્રગટ કરવા આપનાર વ્યક્તિનો પણ આભાર માનીએ છીએ.

ત્યારપછી બુકનું કદ સારું કરવાના વિચારથી બનારસીદાસકૃત **અધ્યાત્મ બત્રીશી** જેના ૩૨ દુહા છે તે આપેલ છે. તે સજ્જનસન્મિત્રની બુકમાંથી લીધેલ છે.

ત્યારપછી સુપ્રસિદ્ધ આચાર્ય મહારાજશ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી(આત્મારામજી મહારાજ)ની રચેલી **અધ્યાત્મ-બાવની** કે જેમાં ૬૨ એકત્રીશા સવૈયા છે તે તેમના કરેલ નવતત્ત્વના ગ્રંથમાં પાછળ આપેલ છે ત્યાંથી લઈને દાખલ કરી છે. આ સવૈયાઓ છાપતી વખત શુદ્ધતા તરફ વધારે ધ્યાન આપેલ જણાતું નથી. તેમ જ તેની ભાષા પણ હિંદીમિશ્ર છે તેથી તેમાં સહજ માત્ર સુધારો કરીને દાખલ કરી છે એનો ગંભીરાર્થ કોઇ સજ્જન લખી મોકલશે તો બીજી આવૃત્તિમાં અગર ઉચીત સ્થાને પ્રગટ કરીશું.

એ રીતે આ નાની સરખી બુકમાં અધ્યાત્મને લગતી ત્રણ વસ્તુઓનો સમાવેશ કર્યો છે. અધ્યાત્મરસિક આત્માઓએ આ નાની પુસ્તિકાને કંઠાગ્રે કરવી યોગ્ય છે.

અધ્યાત્મ બારાક્ષરીના દરેક દુહામાં સંસારનું સ્વરૂપ, તેની અનિત્યતા ને અસારતા એવી સ્પષ્ટરીતે સમજાવેલ છે કે તે અક્ષરશ: વાંચવાની ભલામણ કરવી તે જ યોગ્ય લાગે છે.

આ બુક પણ મુંબઇનિવાસી ઉદારદિલ માનવંતા શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.ની આર્થિક સહાયથી તેમની ગ્રંથમાળાના ચોથા પુષ્પ તરીકે છપાવેલ છે. સંગ્રહ એવો સારો છે કે વાંચતાં આહ્લાદ ઉપજે ને હિતશિક્ષા મળે તેમ છે.

*સં. ૧૯૯૭ વૈશાખ }* *શ્રી જૈન ધર્મ પ્રસારક સભા*

# અધ્યાત્મ બારાક્ષરીના મૂળમાં સુધારો ને અર્થમાં વિશેષ સમજણ.

દુહાનો આંક.

૪. ‘ તીરથંકર ’ ને બદલે ‘ તીરથ કર ’ એમ સમજવું.

૧૬. ‘ ખીણુ હોય વસ્તુ કર્મ જબ ’ ને બદલે ‘ ખીણુ હોય વસુ કર્મ જબ ’ ( વસુ—આઠ કર્મ )

૩૨. ‘ ગૈન રાજ જબ હી મિલે, મૈન ફૈન કર ડાર ’ નો અર્થ—મનના તોફાન દૂર કરવાથી જ્ઞાનરૂપી રાજ્ય પ્રાપ્ત થાય છે.

*૩૪. ગૌનનો અર્થ ગમન.*

૩૯. ઘિનનો અર્થ ઘૃણા—તિરસ્કાર.

૪૧. ‘ઘુર આયે ગત પ્યારમેં’ તેમાં ‘પ્યારમેં’ ને બદલે ‘ચારમેં’ એટલે ચાર ગતિમાં ભમીને આવ્યા.

૪૪. ‘ ઘૈન ચઢી તુજ મોહકી, રહે નવિ ગાડી આપ ’ ને બદલે ‘ઘૈન ચઢી તુજ મોહકી, રહન બીગાડી આપ.’ એટલે જ્યારે મોહનું ઘેન ચડયું ત્યારે તારી રહેણી—કરણી બગડી.

૫૫. ‘ સમતા કર પરનામ ’—આ પંક્તિમાં પરનામનો અર્થ અધ્યવસાય—પરિણામ સમજવો.

૫૬. નૈનાનો અર્થ **સ્વામી** કર્યો છે તેને બદલે **નયના-નેત્ર.**

૫૭. ‘ નોક ન કીજે કાજસું ’ને બદલે ‘ નોક ન કીજે કાહુસું ’ એટલે કોઇની સાથે પણ જુદાઇ ન કરવી—ન રાખવી.

૬૦. ‘અવિચળ વાત સુજાન’ને બદલે ‘ અવિચળ થાન સુજાન. ’

૭૯. ‘પત ન લાગે કોય’-એ પંક્તિને બદલે ‘પાપ ન લાગે કોય’ વાંચવું.

પૃષ્ઠ ૧૨ ની નોટમાં બે એકડા છે ને ગાથામાં બે પાંચડા છે તે સુધારી કુલ છના સાત કરી લેવા.

૧૦૮. ‘ભાગે મિથ્યા આલ’ ને બદલે ‘ભાગે મિથ્યા ચાલ’

૧૧૩. ‘નુક્તી મેં તો લે ગયે, કનક ઘુમચી સંગ’ ને બદલે ‘નુકતી મેં તૌલે ગયે, કનક ઘુમચી સંગ.’ અર્થમાં સમજવું કે–‘એક ત્રાજવામાં સોનું ને ઘુમચી એટલે ચણોઠીને તોળ્યા.’

૧૨૬. ‘છુટે પાપી જીવ’ ને બદલે ‘છૂટે પંછી જીવ’ પંછી-પક્ષી.

૧૩૭. ‘ઠુમકઠુમક પગ ચાલતે’ માં પગ ને બદલે મગ. એટલે માર્ગ સમજવો.

૧૪૮. ‘ડીલ ડવલ’ નો અર્થ–‘તંદુરસ્ત શરીર’

૧૫૨. પંછીએટલેપક્ષી,અને પંખએટલેતેનીશુફલધ્યાનરૂપી પાંખ.

૧૫૪. ડૌલ એટલે આકૃતિ.

૧૫૬. ઢૌર એટલે આદત-ટેવ.

૧૬૭. નિહાળને બદલે નિહાલ એટલે ન્યાલ થઇ જવું.

૧૭૧. શિવપાન ને બદલે શિવથાન.

૧૭૪. ‘નૂતન જીરન પાયકે, મન નતીએ અબ પીર’ ને બદલે ‘નૂતન તન જીરન ભયે, મન ન ભયે અબ થીર.’

૧૭૭. નોચ એટલે તોડ.

૧૯૪. થાતી એટલે થાપણ.

૧૯૯. થેટ એટલે છેવટનું સ્થાન ( મોક્ષ ).

૨૦૮. ‘શુદ્ધ’ ને બદલે સુધ. સુધ એટલે ખબર.

૨૧૫. ‘બંભ વ્રત ચિત્ત પાર’ ને બદલે ‘બંભ વરત ચિત્ત ધાર.’

૨૨૪. ‘બજે’ ને બદલે લીજે.

૨૪૩. તિમ ને બદલે તિય ( ત્રિયા ) સ્ત્રી.
૨૬૧. ' છૂટે ' ને બદલે છોટે. છોટે એટલે લઘુ-વિનયી-નમ્ર.
૨૬૮. ' બીને ' ને બદલે બીતે એટલે વીતે-ઉપજે.
૨૭૪. ' બૌરેસે 'નો અર્થ બહુ પ્રકારે લખ્યો છે તેને બદલે બહાવરો-પાગલ સમજવો.
૨૮૬. ' પર ચઢ કર ' ને બદલે ' પરમાત્મકે ' વાંચવું.
૨૯૧. ' જ્ઞાનવટબીજ ' ને બદલે ' જ્ઞાન ઘટ બીચ ' કરવું.
૩૦૪. ચીત ભીતનો અર્થ ઇતિ અને ભીતિ-ભય.
૩૦૬. યૂપો ને બદલે યૂઓ એટલે જુઓ.
૩૦૯. ' યોગ વરે ' ને બદલે ' યોગ વહે. '
૩૧૦. ' પામે ' ને બદલે પાયે.
૩૩૧. ' અદા ' ને બદલે નફા.
૩૩૩. 'દુષ્ટ પ્રસાર'ને બદલે 'દ્રષ્ટ પ્રસાર.' દ્રષ્ટ એટલે દ્રષ્ટિ-નજર.
૩૪૧. ' વુનસે ' ને બદલે ' વુતસે. ' વુતસે એટલે ઉદાસ.
૩૬૮. પૈહ ને બદલે પૈર. પૈર એટલે કુશળ.
૪૨૧. ' અગમમત ' ને બદલે ' અગમ ગત '-અગમ્ય ગતિ.
૪૨૭. ' જોગ જગતમેં જાગ ' ને બદલે ' જોગ જતનમેં જાગ. ' ( યોગની યત્નામાં જાગૃત થા )
૪૩૩. ' દોરે 'ને બદલે દોહે.
૪૩૭. ' સુઅંગ 'ને બદલે સુચંગ.

ભાઇ શ્રી અમૃતલાલ માવજીએ છાપેલા ફારમ તપાસી શુદ્ધિ તથા અર્થ સૂચવ્યા તે અત્રે દાખલ કર્યા છે.

# ઉપદેશ બાવનીના ૫૫ મા સવૈયાનો ભાવાર્થ.

૧. ષટ્ પાર–છ કાય જીવોને પાળ
૨. સાત ડાર–સાત ભયને નિવાર
૩. આઠ છાર–આઠ મદને છોડ
૪. પાંચ જાર–પાંચ ઇંદ્રિયોના વિષયને બાળી દે.
૫. ચાર માર–ચાર કષાયને મારી નાખ.
૬. તીન ફાર–ત્રણ દંડને ફાડ.
૭. તીન દહ–ત્રણ ગારવને દહ–બાળી નાખ.
૮. તીન ગહ–ત્રણ ગુપ્તિને ગ્રહણ કર.
૯. પાંચ કહ–પાંચ મહાવ્રતનું કથન કર.
૧૦. પાંચ લહ–પાંચ સમિતિને સ્વીકાર.
૧૧. પાંચ ગહ–પાંચ મહાવ્રતને ગ્રહણ કર.
૧૨. પાંચ બહ–પાંચ આચારને વહન કર.
૧૩. પાંચ દૂર કર–પાંચ અવ્રતને અથવા આશ્રવને દૂર કર.
૧૪. નવ પાર–નવ બ્રહ્મચર્ય ગુપ્તિને પાળ.
૧૫. નવ ધાર–નવ પ્રકારના બ્રહ્મવ્રતને ધારણ કર. ત્રિવિધ ત્રિવિધ.
૧૬. તેર વિડાર–તેર કાઠીયાને વિડાર–દૂર કર.
૧૭. દશ નિહાર–દશયતિધર્મને જો.
૧૮. આઠ સાથ લર–આઠ કર્મની સાથે લડ.

# અધ્યાત્મ બારાક્ષરી

દોહા

ક

કરમ ભરમ સબ છોડકે, ધરમધ્યાન મન લાવ;
ક્રોધાદિક ચારે તજો, તો અવિચળ સુખ પાવ. ૧

કાયા થિર નહી જાનીએ, માયા અપની નાંહિ;
પાયા પુન્ય પ્રભાવશું, થિત[1] પૂરૈ સબ જાહિ. ૨

કિસકે માત રુ તાત સુત?, ભ્રાત બહિન પરિવાર;
સ્વારથકે સબ જાનીએ, ધરમ ઉતારે પાર. ૩

કીરત જગમેં વિસ્તરે, તીરથંકર નિજ રૂપ;
કિરિયા વ્રત ચિત્ત ધારકે, કીજે ધ્યાન અનૂપ. ૪

કુલકી લજ્જા રાખીએ, કીજે ઉત્તમ કામ;
ભવ ભરમન સબ છોડકે, જપ પરમાતમ નામ. ૫

કૂસ-અની[2] જલબિંદ જ્યું, તિમ જીવન પરમાન;
બિરત ન લાગે વાર કછું, સમજો આપ સુજાન. ૬

૧. સ્થિતિ પૂરી થવાથી. ૨. તૃણ-ડાભની અણી પર રહેલ જળબિંદુ.

કેવળજ્ઞાન પ્રકાશ હે, જબ પાવે શિવધામ;
લખ ચોરાશી ભરમના, છૂટે પુદ્‌ગલ નામ. ૭

કૈસે પાવૈ પરમપદ, સંગત વિના સુજાન;
સદ્‌ગુરુકે પરસાદશું[1], પાવે અવિચળ થાન. ૮

કોઉ કાહુકો નહિ, સબ સ્વારથી જાન;
તન ધન યોવન થિર નહિં, સંધ્યા રંગ સમાન. ૯

કૌતુક જગકા દેખકે, ચેતન ભએ ઉદાસ;
એકાકી રહતે સદા, સમતા સુખ હૈ પાસ. ૧૦

કુંચન કામિની પરિહરો, સત્ય ક્ષમા ગુણુ ધાર;
તો પાવે સુખ શાશ્વતા, ભવોદધિ ઊતરે પાર. ૧૧

કહતે સો કરતે નહીં, જૂઠે બડે લબાર;
ભવસાગરમેં આયકે, સાચા ઊતરે પાર. ૧૨

ખ

ખબર નહીં હૈ આજકી, કલ પરસો કયા હોય ?
ધર્મકાજ કીજે તુરત, જ્ઞાતા જગમેં સોય. ૧૩

ખાલી આયા જગતમેં, જાતા ખાલી આપ;
એસી સમજે ચેતના, તો છૂટે સબ પાપ. ૧૪

---

૧. મહેરબાનીથી.

ખિન[1] ઈક સુખકે કારણે, ખોવે જનમ તમામ;
ઇહ સુખ દુઃખકા મૂળ હૈ, સમજ કરો નિજ કામ. ૧૫

ખીન[2] હોય વસ્તુ કર્મ જબ, તબ પાવે [3]નિરવાન;
નહિં તો જગમેં ભરમના, લખ ચૌરાશી જાન. ૧૬

ખુનસ[4] ન કીજે કાહુસું, સબસું કીજે પ્રીત;
સત્ય શીલ સમતા રખો, એહ ધરમકી રીત. ૧૭

ખૂબી કર જગ આયકે, પાયે નર અવતાર;
જનમ જનમકે પાપ સબ, છૂટ જાય નિરધાર. ૧૮

ખેલે મત સંસારમેં, ખેલ અલોકી[5] ખેલ;
જબ પાવે પરમાતમા, જગતખેલ સબ ઠેલ. ૧૯

ખૈ હોગા જબ પાપ સબ, તબ પાવે સુખચૈન;
દિવ્ય નયનશું દેખીએ, ઘટમેં સાહિબ ઐન. ૨૦

ખોવે મત તું આપકો, અબકે પાયા દાવ;
માનવભવ ફિર ના મિલે, ધરમધ્યાન મન લાવ. ૨૧

ખૌર તિલક બિંદી કિયૈ, અંગ છાપ ઉર માલ;
યામે તો પ્રભુ ના મિલે, પેટ ભરાઈ ચાલ. ૨૨

---

૧. એક ક્ષણ માત્ર. ૨. નાશ પામે. ૩. નિર્વાણ–મોક્ષ
૪. દ્વેષ. ૫. અલૌકિક–આશ્ચર્ય પમાડે તેવો.

ખંતી સુખકા મૂલ હૈ, ક્ષિમા ધર્મકો કંદ;
જે મન ધારે આપને, છૂટ જાય જગફંદ. ૨૩

ખગ્ગ ક્ષિમા[1] કર ધારકે, મોહ બલિકો જીત;
તો પાવે અવિચલ નગર, મિટે મરનકી ભીત[2]. ૨૪

ગ

ગરવ ન કીજે પ્રાણિયા, તન ધન જોબન પાય;
આખિરકો થિર ના રહે, થિત પૂરૈ સબ જાય. ૨૫

ગાઢે રહિયે ધરમમેં, કરમ ન આવે કોય;
અનહોની હોની નહીં, હોની હોય સો હોય. ૨૬

ગિર પર ચઢતે જાયકૈ, જિહાં તીરથ તિહાં જાહિ;
તેરો પ્રભુ તુજ પાસ હૈ, પૈ તુજ સૂજત નાહિ. ૨૭

ગીત ગાન પ્રભુકા કરે, અંતર ધ્યાન લગાય;
તો પાવે પરમાતમા, સકલ પાપ મિટ જાય. ૨૮

ગુરુ સમ દાતા કો નહિં, ગુરુવાણી ચિત્ત ધાર;
ગુરુ દીવો[3] ગુરુ દેવતા, ગુરુ ઊતારે પાર. ૨૯

*ગૂઢ અર્થ એક જાનીયે, જુગ ચેતન જુગ હાથ;
તિયરસના જુગ પગ નિરખ, સદા નિવાઉં માથ. ૩૦

---

૧. ક્ષમારૂપી ખડ્ગ–તલવાર. ૨. ભય–બીક. ૩. દીપક.
* આ નિશાનીવાળા દુહાનો અર્થ બેઠો નથી.

ગેહ[1] છોડ વનમેં ગયે, સરે ન એકો કામ;
આસા[2] તિસના[3] ના મિટી, કૈસે મિલે હિ રામ ? ૩૧

*ગૈન રાજ જબ હી મિલે, મૈન ફૈન કર ડાર;
રૈન[4] દિવસ સુખચૈનકે, બોલે વૈન[5] વિચાર. ૩૨

ગોરે ગોરે ગાત પર, કાહે કરત ગુમાન ?
એ તો કલ ઊડ જાયગો, ધૂંવાં ધવલ રંજાન. ૩૩

ગૌન કરે જબ જીવડા, કૌન રખેગા પ્રાન ?
જગમેં તેરા કો નહીં, સવિ સ્વારથીયા જાન. ૩૪

ગંદી દેહી[6] પાયકે, મત કર માન-ગુમાન;
ચેતનતા શુદ્ધ કીજીએ, પાવે અવિચલ થાન. ૩૫

ગહરે ગોતે[7] ખાયગા, નહિ સમજોગા આપ;
ટેક નામકી રાખીએ, છૂટ જાય સબ પાપ. ૩૬

## ઘ

ઘટમેં હૈ સુઝે નહીં, ભટકે સકલ જહાંન[8];
મન વશ કીજે આપના, તો પાવે ભગવાન. ૩૭

ઘાત[9] વચન નહીં બોલીએ, લાગે દોષ અપાર;
કોમલતામેં ગુણ બહુ, સબકો લાગે પ્યાર. ૩૮

---

૧. ઘર. ૨-૩. આશા-તૃષ્ણા. ૪. રાત્રિ. ૫. વચન.
૬. શરીર. ૭. ગોથા. ૮. પૃથ્વી. ૯. નિર્દય-ક્રૂર.

ઘિન નહિ કીજે પ્રાણીઆ, સબ જીય[1] એક સમાન;
દયા ધરમ ચિત્ત રાખીએ, પાવે અવિચળ થાન. ૩૯

ઘીસંગે જમ આયકે, તબ નહિં રાખે કોય;
ચેતનતા શુદ્ધ કીજીએ, સુખ શાશ્વતા હોય. ૪૦

ઘુર આયે ગત ધ્યારમેં, પાયે નર અવતાર,
અબકે ચેતે ચેતના, તો પાવે ભવપાર. ૪૧

ઘૂમે મત સંસારમેં, થિર મન કીજે ધ્યાન;
જગતજાલકો તોડકે, જીવ ચલે શિવ–થાન. ૪૨

ઘેરેગા જમ આયકે, રાખનહાર ન કોય;
મનખા દેહી પાયકે, ચેતે તો સુખ હોય. ૪૩

ઘૈન ચઢી તુજ મોહકી, રહે નવિ ગાડી આપ;
દહન કરો મદ કામકો, છૂટ જાય સબ પાપ. ૪૪

ઘોર પાપકો છોડકે, કીજે પુન્ય સુધર્મ;
તપ–જપ–સંયમ ધારીએ, દૂર જાય સબ કર્મ. ૪૫

ઘૌર પુન્ય–ફલ લાગતે, તપ તરુઅર નિરધાર;
સમતા રસ ચાખે સદા, આપાઆપ[2] વિચાર. ૪૬

---

૧. જીવો–પ્રાણીઓ. ૨. આપોઆપ–પોતાની મેળે.

ઘંટા અનહદ વાજતે, [1]તન-મંદિરમેં દેખ;
આતમ દેવત શાશ્વતા, અપને ઘટમેં પેખ. ૪૭

ઘટે પાપ તપ જાપસેં, વાધે પુણ્ય ભંડાર;
ચેતન ચેતે જ્ઞાનમેં, તુરત જાય ભવપાર. ૪૮

## ન (૬)

નરદેહીકો પાય કે, મત ખોવૈ ગુણવંત;
ધરમધ્યાન કીજે સદા, સુમરો શ્રી ભગવંત. ૪૯

નારી-નેહ નિવારીએ, સારા કીજે કામ;
ભારી કરમ ન કીજીએ, તુરત મિલે શિવધામ. ૫૦

નિત ઊઠ પ્રભુકો સુમરીએ, જગનાયક જિનદેવ;
મન-વચ-કાયા શુદ્ધ કરી, કીજે નિશદિન સેવ. ૫૧

નીત ન છોડો ધરમકો, કરમ ન લાગે કોય;
શરમ રહે સંસારમેં, ભરમ ટળે સુખ હોય. ૫૨

નુગરા[2] કહ્યુ જાને નહીં, આગમ શાસ્ત્ર વિચાર;
સુગુરા[3] ગુરુસેવન કરે, જિનશું ઊતરે પાર. ૫૩

નૂર પાય નરરૂપકો, દૂર કરો અડ કર્મ;
ધર્મધ્યાનમેં નિત રહો, છોડો જગકે ભર્મ. ૫૪

---

૧. દેહ-શરીરરૂપી મંદિરમાં. ૨. ગુરુ વિનાના. ૩. ગુરુવાળા.

**ને**મ ધરમ ચિત્ત રાખીએ, સમતા કર પરનામ;
સત્ય શીલ સંતોષ રખ, પૂરે વંછિત કામ. ૫૫

**નૈ**ના[1] વોહી સરાહિએ[2], દિવ્ય નૈન જો હોય;
અંતરમુહૂરત આપની, જ્ઞાન-ધ્યાનશું જોય. ૫૬

**નો**ક ન કીજે કાજસું, લોકલાજ મન ધાર;
સબ જીવ એક સમાન હૈ, પાપ-પુન્ય અવતાર. ૫૭

**નૌ**કારવાલી ફેરીએ, થિર મન ધ્યાન લગાય;
જીવદયા ચિત્તમેં ધરે, સકલ પાપ મિટ જાય. ૫૮

**નં**દન નાભિનરીંદ કે, આદિનાથ ભગવાન;
કૃપા કરો જન દીન પર, સેવક અપનો જાન. ૫૯

**ન**હિ પાવેગો જ્ઞાન વિન, અવિચળ વાત સુજાન;
ચેતનતા શુદ્ધ કીજીએ, તો પાવે ભગવાન. ૬૦

## ચ

**ચ**રણકમલ ગુરુદેવકે, સેવો મન-વચ-કાય;
જીવદયા પ્રતિપાલીએ, પાપ-પંક મિટ જાય. ૬૧

**ચા**હે તાકો ચાહીએ, નહિ ચાહે નહિ ચાહ;
પરમાતમશું પ્રીત કર, જિમ હોયે નિરવાહ. ૬૨

---

૧. સ્વામી. ૨. વખાણીએ.

ચિત્ત પરસન નિત રાખીએ, હિતકી કહીએ વાત;
વિત્ત[1] ખરચો શુભ કામમેં, પુન્ય હોય વિખ્યાત. ૬૩

ચીખેગા[2] જો પ્રેમરસ, ધ્યાન અમલ લવ લાય;
અનુભવ જ્ઞાન પ્રકાશસે, અંધકાર મિટ જાય. ૬૪

ચુપ થઇ રહીએ જગતમેં, બહુ બોલે દુઃખ હોય;
જૈસે શુક[3] પિંજર પડે, કાગ ન રાખે કોય. ૬૫

ચૂર હોય વસુ[4] કર્મ જબ, તબ પાવે શિવથાન;
સુખ અનંત વિલસે તિહાં, શુદ્ધ ચેતના જાન. ૬૬

ચેતન ચેતો આપકો, પાપ તજો સબ દૂર;
જાપ કરો શુદ્ધ હોયકે, સુખ પાવે ભરપૂર. ૬૭

ચૈન હોય જબ મૈન[5] વસ, રૈન દિવસ સુખ હોય;
વૈન[6] શુદ્ધ બોલે સદા, ઉત્તમ પ્રાણી સોય. ૬૮

ચોરી પાપ નિવારીએ, કર લે ઉત્તમ કામ;
જગતજાલમેં આયકે, ભજ લે આતમરામ. ૬૯

ચૌરાશી લખ ભરમકે, પાયે નર અવતાર;
અબ કે ચેતો ચેતના, તો પાવે ભવપાર. ૭૦

ચંચલ મન થિર રાખીએ, જ્ઞાન–ધ્યાન મન લાય;
તો પાવે સુખ શાશ્વતા, આવાગમન મિટાય. ૭૧

---

૧. દ્રવ્ય. ૨. ચાખીશ. ૩. પોપટ. ૪. આઠ. ૫. મન. ૬. વચન.

ચહુ ગત[1] ભરમેં જીવડા, લખ ચોરાશી રૂપ;
અબકે ચેતે ચેતના, પાવે જ્ઞાન–અનૂપ. ૭૨

છ

છલ નહિ કીજે પ્રાણીયા, સરલ ભાવ ચિત્ત ધાર;
નિહચૈ પાવૈ પરમપદ, ધરમ ઊતારે પાર. ૭૩

છાંડો વિષયવિકારકો, પંચ ઇંદ્રિયકો ભોગ;
રસના ઈંદ્રિય જીતીએ, તબ હૈ તેરા જોગ. ૭૪

છિન છિન છીજે આઉખા, સમજો ચેતનરાય;
ધરમધ્યાન કર લીજીએ, માનવ ભવકો પાય. ૭૫

છીલે[2] દૂરમત[3] કંદકો, પોષે સમકિત મૂલ;
અવિચળ ફળ પાવે સદા, સો ચેતન અનુકૂલ. ૭૬

છુચે[4] ન રામા[5] પારકી, લાગે દોષ અપાર;
અપજશ પાવે જગતમેં, બૂરા કહે સંસાર. ૭૭

છૂટેગા જબ પાપ સબ, તબ છૂટેગા કર્મ;
લૂટૈ અવિચલ સુખ સદા, કર લેગા જબ ધર્મ. ૭૮

છેદે મત કીન જીવકો, સૂક્ષિમ બાદર જોય;
કીજે દયા છ કાયકી[6], પત ન લાગે કોય. ૭૯

---

૧. ચારે ગતિમાં. ૨. છેદે. ૩. મિથ્યાત્વ. ૪. સ્પર્શે. ૫. સ્ત્રી.
૬. પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ ને ત્રસકાય.

છેલ સંગ તજ દીજીએ, ગૈલ સંતકે જાય;
મેલ[1] ન લાગે આપકો, જગમેં જસ અધિકાય. ૮૦

છોડ કરમકે ફંદકો, જીવન ધંધ મિટ જાય;
સદા રહે આનંદમેં, ચિન્તા દૂર પલાય. ૮૧

છો[2] રસ પોષે પ્રાણીઆ, છોડે નહીં લગાર;
રસના રસકે સ્વાદસેં, પાવે દુઃખ અપાર. ૮૨

છંડે દુરમન ચાલકો, ડંડે ઇંદ્રિય પાંચ;
મંડે ધરમ સુધ્યાનસેં, શિવસુખ પાવે સાચ. ૮૩

છક્કાય પ્રતિપાલીએ, પંચ મહાવ્રત પાલ;
ચેતનતા શુદ્ધ કીજીએ, હોયે આપ નિહાલ. ૮૪

જ

જગમેં અપના કો નહીં, સવિ સ્વારથીઆ જાન;
પરભવ જાતાં જીવડાં, કોઇ ન રાખે પ્રાન. ૮૫

જાગો આપ સુજાન નર, લાગો પ્રભુકે ધ્યાન;
જો સોવેગા ચેતના, તો નહિ પાવે જ્ઞાન. ૮૬

જિન [3]સાહિબકો સુમરીએ, તિનકે જ્ઞાન અપાર;
રાગ–દ્વોષકો પરિહરો, તો પાવો ભવપાર. ૮૭

---

૧. દૂષણ. ૨. છએ રસ. ૩. જિનેશ્વર ભગવંત.

જીતે ઇંદ્રિય પાંચ જબ, પાવે પંચમ જ્ઞાન;
ફેર ન જગમેં અવતરે, શુદ્ધ ચેતના જાન. ૮૮

જુગ [1]કર જોરી વિનવું, અરજ સુનો ભગવાન;
આવાગમન નિવારીએ, સાહિબ કૃપાનિધાન. ૮૯

જૂવા[2] મંસ સુરા[3] તજો, પરિહર ગનિકા[4] નાર;
શિકાર ચોરી પરતિયા[5], સાતો વ્યસન નિવાર. ૯૦

જેતા લંબા સોડ હૈ, તેતા પાવ[5] પસાર;
આપ અંદાજે ચાલીએ, કભી ન આવે હાર. ૯૧

જૈની દયા જયું પાલતે, ભગતિમેં શિવ ભેખ;
મુસલમાન આકીનમેં, કયા સઈઅદ કયા શેખ ? ૯૨

જો યહ તીનો મન ધરે, દયા ભગતિ આકીન;
તો પાવે સુખ શાશ્વતા, ચેતન સો પરવીન. ૯૩

જૌલો જ્ઞાન ન ઊપજે, તૌલૌ કામ ન હોય;
લખ ચોરાશી ભરમના, કૈસે છૂટે સોય. ? ૯૪

જંગલમેં [6]વાસા કિયે, મંદિર દીન્હા ત્યાગ;
આસા-તિસના ના મિટી, એ જૂઠા વૈરાગ. ૯૫

---

૧. બે હાથ જોડીને. ૧. જુગાર. ૨. મદિરા-દારૂ. ૩. વેશ્યા.
૪. પરનારી-પારકી સ્ત્રી. ૫. પગ. ૬. રહેવાસ-નિવાસ.

જપ[1] તપ[2] કિરિયા કરે, નેમ ધરમ ચિત્ત લાય;
મન અપના વશ ના કિયા, સવિ અકારથ જાય. ૯૬

ઝ

ઝગડે મત જગ આયકે, ખિમા ખડગ કર ધાર;
રગડે કરમ કઠોરકો, આવાગમન નિવાર. ૯૭

ઝાડેગા સબ કરમકો, ધર્મધ્યાન ફૂળ પોષ;
ચાખે સમકિત બીજકો, તબ પાવે સુખ [3]મોખ. ૯૮

ઝિલમલ જ્યોત બિરાજતે, સો સાહિબકો પેખ;
ઘટકે પટકો ખોલ કે, દિવ્ય નયનશું દેખ. ૯૯

ઝીલે[4] સમતા તોયમેં[5], પાવે જ્ઞાન-તરંગ;
વિલસે અવિચળ સુખ સદા, શિવસુંદરીકે સંગ. ૧૦૦

ઝુરિયે મત દુઃખ પાયકે, રહીએ આપ વિચાર;
કિયા કરમ નહિ છૂટી હૈ, સુખ-દુઃખ રહતે લાર. ૧૦૧

ઝૂઠ વચન નહિં બોલીએ, લાગે દોષ અપાર;
જગમેં અપજશ વિસ્તરે, પરભવ દુઃખ ન પાર. ૧૦૨

ઝેલે મારગ ધરમકો, ઠેલૈ વિષયવિકાર;
નરભવ લાહો લીજીએ, ભલા કરે સંસાર. ૧૦૩

---

૧. જપ-જાપ. ૨. તપ-તપશ્ચર્યા. ૩. મોક્ષ. ૪. સ્નાન કરે. ૫. પાણીમાં.

ઝૈ જૈ એક સમાન હૈ, ઝૂઠા જૂઠા જાન;
સાચા સાહિબ સમરિયે, તો પાવે શિવઠાન. ૧૦૪

ઝોલી કીજે [1]ઉદરકો, હાથ પાતરા જાણ;
દિગ[2] અંબર ધારે સદા, સો સાધુ ગુણખાણ. ૧૦૫

ઝૌડ ન કીજે કાહુસું, ક્રોધે પ્રીતકી હાન;
માન વિનય ગુણનાશ હૈ, કપટ લોભ તજ જાન. ૧૦૬

ઝંખે મત તું આપકો, ચિન્તા દીજે ટાલ;
સમતા ગુણકો ધારીએ, છૂટ જાય ભવજાલ. ૧૦૭

ઝડ લાગે પ્રભુ નામકી, ભાગે મિથ્યા આલ;
જાગે અનુભવ જ્ઞાનમેં, ચેતન હોય નિહાલ. ૧૦૮

ન ( બ )

નમસ્કાર ગુરુદેવકો, કીજે શિશ[3] નમાય;
પાવે મારગ મોક્ષકો, જબ ગુરુ હોય સહાય. ૧૦૯

નાગા મુઠી બાંધકે, તું આયા નિરધાર;
અંત સમે નાગા ચલે, દોનો હાથ પસાર. ૧૧૦

નિશ[4]-વાસર સુમરન કરો, હરો પાપ ઘનઘોર;
શીલ ક્ષમા ચિત્ત રાખીએ, ભાંગે કરમ-કઠોર. ૧૧૧

---

૧. પેટ. ૨. દિશારૂપી વસ્ત્ર. ૩. મસ્તક. ૪. રાત-દિવસ.

નીમ[1] ન મીઠા હોયગા, જો સીંચે [2]ગુડઘીવ;
જિસકા જોઈ સુભાવ હૈ, કૈસે ફિરે સદૈવ? ૧૧૨

*નુક્તી મેં તો લે ગયે, કનક ઘુમચી સંગ;
માન-ગુમાન ન કીજીએ, દેખ દેખ નિજ અંગ. ૧૧૩

નૂતન વાગા[3] પહેરતે, ચોવા[4] અત્તર લગાય;
રૈન[5] દિના સુખમેં રહે, સો ભી જમઘર જાય ૧૧૪

નેહ જગતકો છોડકે, લીજે અવિચળ ગેહ;
અબકે ચેતો ચેતના, પાયે મનખા[6] દેહ. ૧૧૫

નૈ[7] રાખો ઇક ધરમકો, બીજો નૈ[7] કર દૂર;
જીવદયા ચિત્ત રાખીએ, સુખ ઉપજે ભરપૂર. ૧૧૬

નોજીવ જીવ અજીવકું, સમજો ચતુર સુજાન;
તત્ત્વાતત્ત્વ વિચારકે, સુમરો શ્રી ભગવાન. ૧૧૭

નૌબત બાજે દ્વારમેં, હય[8] ગય[9] રથ અસવાર;
ધર્મધ્યાન કરતે નહીં, સો કેમ ઊતરે પાર? ૧૧૮

નંદા ભદ્રા કુનિ જયા, રિક્તા પૂર્ણા[10] જાન;
એકમ દુજ રુ તીજ હૈ, ચોથ પંચમી આન. ૧૧૯

---

૧. લીંબડો. ૨. ગોળ ને ઘી. ૩. કપડાં. ૪. ચુઆ. ૫. રાત્રિ ને દિવસો. ૬. મનુષ્ય અવતાર. ૭. નેહ-પ્રેમ-સ્નેહ. ૮. અશ્વ-ઘોડો. ૯. ગજ-હાથી. ૧૦. પાંચ તિથિના નામ.

નહિ વિદ્યા નહિ દરબ[1] હૈ, કૈસે સરીહૈ કામ ?
એક નામકો આશરા, જામે લગે ન દામ. ૧૨૦

ઠ

ટહલ કરૈ ગુરુદેવકો, પાવે જ્ઞાન અપાર;
જગમેં શોભા વિસ્તરે, ભલા કરે સંસાર. ૧૨૧

ટાલે કરમકે ફંદકો, પાલે અપને ધર્મ;
શરમ રહૈ સંસારમેં, છૂટ જાય સબ કર્મ. ૧૨૨

ટિકે આય સંસારમેં, રહે મોહ લપટાય;
નિકસે પ્રભુકે નામસેં, આવાગમન મિટાય. ૧૨૩

ટીકી[2] પ્રભુકો દીજીએ, જાકો કીજે ધ્યાન;
જિન સરૂપ [3]હિયમેં વસે, ઊપજે કેવળજ્ઞાન. ૧૨૪

ટુક ધીરજ મન રાખીએ, સમતા શીલ સુભાવ;
માનવ ભવમેં આયકે, મત ચૂકે તૈં દાવ. ૧૨૫

ટૂટે જાકે જાલ સબ, છૂટે પાપી જીવ;
લૂટે અવિચળ સુખ સદા, પાવે અપને પીવ. ૧૨૬

ટેક નાથકી રાખીએ, છોડો કામ-વિકાર;
ધરમ ધ્યાન કીજે સદા, તો પાવે ભવપાર. ૧૨૭

---

૧. પૈસા. ૨. ટીલી. ૩. હૃદય.

ટેડ પેડ છોડો સવિ, જોડો પ્રભુશું પ્રીત;
તોડ કરમકે જાલકો, લીજે અપની રીત. १२८

ટોનાટાં મન ટાળકે, પાલો અપને ધર્મ;
ભરમ ટળે સંસારકે, છૂટ જાય સબ કર્મ. १२९

ટોવા ઊડે પ્રભાતમેં, ગગન–પંથકી ઓર;
જગમેં ચેતન ખેલતે, સુરત લગાયે ડોર. १३०

ટંકારકે શબ્દ વાજતે, અંતરમેં લખ જીવ;
જ્ઞાન વિના નહિ સાંભળે, ચેતન આપ સદીવ. १३१

ટપ ભવસાગર પાર જા, અદ્‌ભુત મહિમા દેખ;
મિલે જ્યોતમેં જ્યોત ચે, રૂપ–રંગ નહિ રેખ. १३२

ઠ

ઠગ તેરે અંતર વસે, કહે કાઠિયા નામ;
બચે નામ પરતાપસું, ચોર ન પાવે દામ. १३३

ઠામ–ઠામ ડોલે મતિ, કરો ધ્યાન એક ઠોર;
તબ પાવે પરમાતમા, બાકી નહીં હૈ ઓર. १३४

ઠિકરી[૧] હાટક[૨] એક સમ, જો જાને સો સાધ[૩];
તિનકો કીજે વંદના, મેટે સકલ ઉપાધ. १३५

---

૧. પત્થર. ૨. સોનું. ૩. સાધુપુરુષ–સજ્જન.

ઠીક રખો મન અપના, ચંચળ ચિત્ત કર દૂર;
ઘટમેં સાહિબ નિરખીએ, સુખ ઊપજે ભરપૂર ૧૩૬

ઠુમક ઠુમક પગ ચાલતે, નિરખ નિરખ પગ ધાર;
જીવદયા પાળે સદા, સો સાધુ ભવપાર. ૧૩૭

ઠૂઠ વૃક્ષ શોભે નહિં, કોઈ ન પૂછે તાસ;
સફૂળ ફૂળે સબકો ભલા, કરે છાંયકે આશ. ૧૩૮

ઠેલે મદનવિકાર કો, ઝીલે સમતા શીલ;
મેલે દુરમત પાપ સબ, તો પાવે શિવલીલ. ૧૩૯

ઠેર રહે સંસારમેં, નિકસનકી શુદ્ધ નાંહિ;
ભવ ભવ ભરમેં જીવડા, લખ ચોરાશીમાંહિ. ૧૪૦

ઠોલા બહુ તેં ખાયગા, જો નહિ સમજે આપ;
સમઝ બુઝ કે ચેતના, છોડ દીજીએ પાપ. ૧૪૧

ઠૌર ઠૌર ભટકે મતી, રખો એકકી આશ;
શિવસુખ વિલસે પ્રાણીઆ, પાવે અવિચળ વાસ. ૧૪૨

ઠંડા[1] પાણી દેખકે, મત તરસાવૈ જીવ;
ઊના વારી અચિત્ત હૈ, પીવે સાધ સદીવ. ૧૪૩

ઠગની માયા જગતમેં, સબકો ઠગે નિઃશંક;
ઇનસેં કોઇ ન ઉગરો[2], કયા રાજા કયા રંક ? ૧૪૪

---

૧. ટાઢા. ૨. ઊગર્યાં.

ડ

ડરીએ દુર્જન લોકશું, કરીએ અપના કામ;
હરીએ આઠો કર્મકો, તો પાવે શિવધામ. ૧૪૫

ડામાડોળ ન કીજીએ, અપને મનકો આપ;
થિરતા કરકે સુમરીએ, તબ છૂટે સબ પાપ. ૧૪૬

ડિગે ન અપને ધરમશું, સો સાધુ અનુકૂળ;
દયા શીલ સમતા રખે, વિનય ધરમકો મૂળ. ૧૪૭

*ઢીલ ઢવલ સબ પાયકે, નરભવ લાહો લેય;
શુભ કારજ કર લીજીએ, બૂરા ફૈલ તજ દેય. ૧૪૮

ઢુલે ઢુલાયે તો મિલે, જ્યું પંખેમેં પૌન;
ઉદ્યમ કીજે પ્રાણીઆ, બેઠા દેગા કૌન? ૧૪૯

ડૂબે મત તું જીવડા, ભવસાગરમેં આય;
નામ નાવ ચઢ પાર જા, સુખ પાવે અધિકાય. ૧૫૦

ડેરા[1] આદ નિગોદમેં, સબ જીવનકો જાન;
કરે કર્મકી નિર્જરા, પાવે મોક્ષ નિદાન. ૧૫૧

ડૈના[1] બિન કૈસે ઊડે, પંછી જીવ સુજાન;
શુક્લધ્યાનકો [2]પંખ કર, લીજે શ્રી શિવથાન. ૧૫૨

---

૧–૨ પાંખ.

ડોરી લાગી પ્રેમકી, ભાગી દુરમત ચાલ;
જાગી ઘટમેં જ્યોત જબ, ચેતન ભયે નિહાલ. ૧૫૩

ડોલ કોન તેરી બની, દેખો હ્રુદય મઝાર;
મનખા દેહી પાયકે, મતી જમારા[1] હાર. ૧૫૪

ડંડે ઇંદ્રી પંચ કો, છંડે મદનવિકાર;
ખંડે મમતા મોહકો, તો પાવે ભવપાર. ૧૫૫

ડગ ધરીએ મગ[2] દેખકે, ચલીએ રાહ સુચાલ;
તબ પાવે અપના ધની, વિલસે અવિચળ માલ. ૧૫૬

ઢ

ઢલક પડે જબ જીવડા, સુદ્ધ નહી રહે લગાર;
પાપ પુન્ય જે બાંધીઆ, તે પાવે નિરધાર. ૧૫૭

ઢાલ ધરમ કર લીજીએ, ખિમા ખડગ ધર હાથ;
મોહ બલીકો જીતીએ, તો પાવે શિવનાથ. ૧૫૮

ઢિગ નહી જઇએ દુષ્ટકે, નહી કીજે વિશ્વાસ;
સંગત કીજે સાધકી, પૂરે મનકી આશ. ૧૫૯

ઢીલ ન કીજે ધર્મમેં, તુરત પુન્ય કર આપ;
દુઃખ દોહગ દૂરે ટળે, છૂટ જાય સબ પાપ. ૧૬૦

---

૧. જન્મારો. ૨. માર્ગ—રસ્તો.

ઢુલૈ[1] જીવ તનશું જબે, કોઈ ન રાખણુહાર;
માતપિતા બંધુ સ્વજન, જો કરતે બહુ પ્યાર. ૧૬૧

ઢૂંઢેગા પાવે સહી, ઘટમેં દેખનહાર;
બિન દેખે પાવે નહિ, સત્ય વચન ઊર ધાર. ૧૬૨

ઢેર[2] દરબકે[3] પાયકે, કિયે ન ઉત્તમ કામ;
ઘેરે જમ જબ આયકે, ધરે રહે સબ દામ. ૧૬૩

ઢે પડિયા જોબન જબે, કોઇ ન પૂછે વાત;
પૂંજી હોય તો ખાઈએ, નહિ તો દુઃખ વિખ્યાત. ૧૬૪

ઢોક દીજીએ દેવકો, દરસન કર નિજરૂપ;
અંતર નીરખો આપનો, ઘટમેં દેખ અનૂપ. ૧૬૫

ઢોર છોડ બકવાદકી, ગૌર[4] કરો સબ જીવ;
દયા ધરમ કીજે સદા, પાવે અપના પીવ. ૧૬૬

ઢંગ શીખીએ ધર્મકો, છોડ કુઢંગી ચાલ;
સબ જનમેં શોભા વધે, પરભવ હોય નિહાળ. ૧૬૭

ઢકી[5] વાત નહી ખોલીએ, ઘટે મોલ[6] અરુ તોલ;
પરદેમેં પરમાતમા, દેખો ઘટપટ ખોલ. ૧૬૮

---

૧. ચાલ્યો જાય. ૨. ઢગલાં. ૩. દ્રવ્યના. ૪. વિચાર.
૫. ગુહ્ય–ગુપ્તવાત. ૬. મૂલ્ય.

## न ( ણ )

નરક તિર્યંચ દેવગતિ, તીનોમેં નહિ મોખ[1];
માનવભવમેં મુક્તિ હૈ, જો છૂટે સબ દોષ. ૧૬૯

નાતા[2] તોડો જગતશું, જોડો પ્રભુશું હેત;
મોડો[3] મન-વચ-કાયકો, તો પાવો શિવખેત. ૧૭૦

નિર્મળ સમકિતવંત હૈ, નિર્મળ કેવળજ્ઞાન;
નિર્મલ ચેતન હોયગો, જબ પાવે શિવપાન. ૧૭૧

નીચ સંગ નહિ કીજીએ, ઊંચી સંગત વેઠ;
દેખો આપ વિચાર કે, અપને ઘટમેં પેઠ. ૧૭૨

નુકસાન દ્રવ્ય ન કીજીએ, પૂંજી રખીએ પાસ;
કરો વ્યાપાર ધર્મકો, બહુત નફા હો તાસ ૧૭૩

નૂતન જીરન પાયકે, મન નતીએ અબ પીર;
કિસવિધિ કારજ હોયગે ? જ્ઞાન વિના ગુણ ધીર. ૧૭૪

નેકી જગમેં કીજીએ, બદી દીજીએ છોડ;
જગમેં શોભા વિસ્તરે, ભલા કહે લખ કોડ. ૧૭૫

નૈરી[4] મુક્ત સુહાવતી, પાર બ્રહ્મકો રાજ;
પટરાણી સમતા ભલી, કરે જીવકો કાજ. ૧૭૬

---

૧. મોક્ષ. ૨. સંબંધ. ૩. કબજે કરો. ૪. નગરી.

નોચ જગત કે જાલકો, કરમ ભરમ ટલ જાય;
આતમ ભાવકું પાયકે, ભવ ભરમન મીટ જાય. ૧૭૭

નૌકર જિનવરકે ભયે, તો સબકે શિરતાજ;
ઐસે સાહિબ પાયકે, કૌન કરે [1]બદ કાજ? ૧૭૮

નંદીશ્વર જાત્રા કરે, સુર વિદ્યાધર આય;
લબ્ધવંત સાધુ તિહાં, દરશનકો નિત જાય. ૧૭૯

નગન આય સંસારમેં, નાગા જાગા આપ;
દયા ધરમ કીજે સદા, છૂટ જાય સબ પાપ. ૧૮૦

## ત

તન તેરા નહિ પ્રાણીઆ, છોડ ચલેગા પ્રાન;
જો તૈં .પોષૈ આપકો, સો નહિ રહે નિદાન. ૧૮૧

તાત માત પરિવાર સબ, કોઈ ન આવે કામ;
એકાકી તેં જાયગા, સાથ ચલે નહિ દામ. ૧૮૨

તિલ તિલ છીજે આઉખા, ઉમર બિહાની જાય;
જો તું સમઝે આપકો, સુખ પાવે અધિકાય. ૧૮૩

તીન તત્ત્વકો ધારીએ, દરશન જ્ઞાન ચરિત્ર;
તો પાવે પરમાતમા, આપા[2] હોય પવિત્ર. ૧૮૪

---

૧. માઠા, ખરાબ. ૨. આત્મા.

તુરત ધરમ કર લીજીએ, મતી લગાવો વાર;
મનખા દેહી પાયકે, આપા આપ વિચાર. ૧૮૫

તૂઠેગા સાહિબ જબ, સેવા કર નિતમેવ;
મન વચ કાયા શુદ્ધ હૈ, પૂજો અપના દેવ. ૧૮૬

તેરા જગમેં કો નહીં, માતપિતા પરિવાર;
એકાકી તેં જાયગા, કોઈ ન ચાલે લાર[1]. ૧૮૭

તૈં જાને સબ આપના, તન-ધન-જોબન પાય;
જાતે વાર ન લાગી હૈ, સમજો ચેતનરાય. ૧૮૮

તોડ કરમકે જાલકો, પાળો અપના ધર્મ;
સદા ગુરુસેવા કરો, છૂટ જાય સબ કર્મ. ૧૮૯

તોલોં[2] જ્ઞાન ન ઉપજે, નહિ પામે વિશરામ;
ચારો [3]ગતમેં ભરમના, લખ ચોરાશી ઠામ. ૧૯૦

તંત્ર મંત્ર અરુ યંત્ર એ, સરે ન ઇનસે કાજ;
એક નામ ચિત્ત ધારીએ, પાવે અવિચળ રાજ. ૧૯૧

તપ જપ સંજમ કીજીએ, મોહ મમતાકો ટાર;
સત્ય શીલ સંતોષ રખ, તો પાવે ભવપાર. ૧૯૨

---

૧. સાથે. ૨. જ્યાં સુધી. ૩. ચારે ગતિમાં.

થકે ન મારગ ધરમકે, થાય નામકી ડોર;
પહુંચે શિવનગરી તુરત, છોડે કરમ કઠોર. ૧૯૩

થાતી રખીએ આપની, દીજે નહિ પરહાથ;
શુભ કારજમેં ખરચીએ, સો ધન તેરે હાથ. ૧૯૪

થિરતા મનમેં રાખકે, ધરમધ્યાન નિત પાલ;
કરમ તુજે લાગે નહીં, પાવે અવિચળ માલ. ૧૯૫

થીર હોય એક ચિત્તસું, સુમરન કરો સુજાન;
તો પાવેગા પરમપદ, પહુંચેગા શિવથાન. ૧૯૬

થુનિયે[1] પ્રભુકે ગુનનકો, ભાવ ભગત ઉર આન;
તો સુખ પાવે શાશ્વતા, સમતા મનમેં ઠાન. ૧૯૭

થૂલ[2] પંચ વ્રત આદરે, છોડે વિષયવિકાર;
શુદ્ધ ચેતના હોય જબ, તો પાવે ભવપાર. ૧૯૮

થેટ જાયગા જીવ સબ, મેટ કર્મકે જાલ;
ક્રિયા વરત[3] ચિત્તમેં ધરો, પંચ મહાવ્રત પાલ. ૧૯૯

થૈલી અપની ખોલકે, ખરચો દર્બ[4] સુધર્મ;
પરભવ જાતા જીવકો, કોઇ ન લાગે કર્મ. ૨૦૦

---

૧. સ્તવીએ. ૨. શ્રાવકના પાંચ અણુવ્રત. ૩. વ્રત. ૪. દૌલત.

થોડે સુખકે કારણે, ક્યું ખોવે અવતાર?
તપ-જપ-સંજમ કીજીએ, તો પાવે ભવપાર. ૨૦૧

થૌગી ઘન ધુધુકર બજે, તન મૃદંગ ધૌકાર;
લખ ચોરાશી જોનમેં[1], જિય[2] નાચૈ નિરધાર. ૨૦૨

થંભ નહીં આકાશમેં, ધરતી નહી આધાર;
એ [3]અનાદકે ભાવ હૈ, ચૌદહ રાજ ઉદાર. ૨૦૩

થરહર જીવ ન કીજીએ, કર નિશ્ચય મન ધ્યાન;
કરમ અષ્ટકો જીતકે, લીજે કેવળજ્ઞાન. ૨૦૪

દ

દરસન જ્ઞાન ચરિત્રકો, અપને ઉરમેં ધાર;
સમકિત પાવે પ્રાણીઆ, અવિચળ સુખ નિરધાર. ૨૦૫

દાન શીલ તપ ભાવના, મુક્તિ રાહ એ ચાર;
લીજે ચિત્તમેં ધારકે, તબ ઉતરે ભવપાર. ૨૦૬

દિન દિન છીજે આઉખા, અંજલી નીર સમાન;
જો અબકે ચેતે નહીં, તો હોગા હૈરાન. ૨૦૭

દીનાનાથ! અનાથકી, શુદ્ધ લીજે ભગવાન;
સેવક અપનો જાનકે, દીજે અવિચળ થાન. ૨૦૮

---

૧. યોનિમાં. ૨. જીવ. ૩. અનાદિનો.

દુરમત અપને પરિહરો, રખીઓ સમતા ભાવ;
માનવ ભવ તૈં પાયકે, મત ચૂકે ઇહ દાવ. ૨૦૯

દૂતપના કીજે નહીં, લાગે દોષ અપાર;
અપજશ જગમેં વિસ્તરે, બહુ ભરમે[1] સંસાર. ૨૧૦

દેના રખે ન કાહુકા[2], કરજ મહાદુઃખ દેત;
ઇહભવ પરભવ બીગડે, લેવે વ્યાજ સમેત. ૨૧૧

દૈવ[3] કરે સો હોયગા, શોચ ન કીજે કોય;
દેવી દેવ મનાવતે, કરમ લિખા ફળ હોય. ૨૧૨

દોસ ન દીજે કાહુકો, દુઃખસુખ ભાગ્યપ્રધાન;
આપ કીયા ફળ પાઇએ, પાપ પુન્ય જીવ જાન. ૨૧૩

દૌલત થિર નહી કાહુકી, જોબન પણ થિર નાંહી;
અંત ચલેગા એકલા, સમઝ દેખ મનમાંહિ. ૨૧૪

દંભ ન કીજે પ્રાણીયા, બંભ વ્રત ચિત્ત પાર;
સત્ય શીલ સંતોષસેં, ભવોદધિ ઊતરે પાર. ૨૧૫

દશવિધ ધર્મ જ પાલતે, પંચ મહાવ્રત ધાર;
સુમતિ ગુપતિ મનમેં રખો, લે નિરદોષ આહાર. ૨૧૬

---

૧. ભટકે. ૨. કોઇના ૩. કર્મ.

# ધ

ધરમધ્યાન કીજે સદા, દાન શીલ તપ ભાવ;
અબકૈ તો ચૂકે મતી, નરભવ પાયે દાવ. ૨૧૭

ધારો અપને ચિત્તમેં, નિજ મૂરતકો આપ;
જહાં તહાં નિત ભટકકે, કાહે કરત કલાપ? ૨૧૮

ધિગ્ જીવન હે તાસકો, જો નહી [1]કીન્હા ધર્મ;
મનુષા ભવમેં આયકે, કયું બાંધે તૈ કર્મ? ૨૧૯

ધીરજ મનમેં રાખીએ, કીજે નહિ ઉતાલ[2];
પાવેગા તેં પ્રાણીયા, લેખ લિખા સો ભાળ[3]. ૨૨૦

ધુન રાખો એક નામકી, અવર વાત સબ ત્યાગ;
મનખા દેહી પાયકે, બૂરા ફૈલશું ભાગ. ૨૨૧

ધૂમધામ કીજે નહિ, રાખો સમતા ભાવ;
તો પાવે સુખ શાશ્વતા, ધરમધ્યાન મન લાવ. ૨૨૨

ધેનુ જગમેં સરસ હૈ, કામધેનુ એ હોય;
મન-ઇચ્છા પૂરણ કરે, જિન આગમકો જોય. ૨૨૩

ધૈર્યવંત હુજે સદા, [4]સરિહે તેરો કાજ;
ચેતનતા શુદ્ધ હોય કે, બજે અવિચળ રાજ. ૨૨૪

---

૧. કર્યો. ૨. ઉતાવળ. ૩. કપાળમાં. ૪. સરશે–સિદ્ધ થશે.

ધોવેગા જબ પાપ સબ, ઉજ્જવળ હોગા આપ;
તો પાવે પરમાતમા, છૂટે સવિ કલાપ. ૨૨૫

ધૌરાહરમે[1] બઠતે, કરતે [2]ઉલા ભોગ;
સો ભી જમ-ઘર જાયગે, દેખેંગે સબ લોગ. ૨૨૬

ધંધા જગકે છોડિયે, ભજીયે શ્રી ભગવાન;
રાગ દોષ[3] ન રાખીએ, પાવે અવિચળ થાન. ૨૨૭

ધન દૌલતકું પાયકે, કાહે કરત ગુમાન ?
એ તો થિર નાહી રહે, સંધ્યા રંગ સમાન. ૨૨૮

ન

નહીં ટરે શિરલેખ જો, કરે જુ કોટી[4] ઉપાય;
હોનેગા સો હોયગા, સો તો કયું મિટ જાય ? ૨૨૯

નામ એક ચિત્ત ધારીએ, દુવિધા દીજે છોડ;
તો કારજ સબ સિદ્ધ હૈ, જગતજાલકો તોડ. ૨૩૦

નિકલેગા ભવકૂપસું, તબ પાવેગા ચેન;
ફિર નહિ જગમેં અવતરે, જ્ઞાની કહિતે વેન[5]. ૨૩૧

નીલ ફૂલ ચાંપે નહી, લાગે દોષ અપાર;
જીવદયા પ્રતિપાલીએ, તો પાવે ભવપાર. ૨૩૨

---

૧. ધવળ ગૃહમાં. ૨. વિવિધ. ૩. દ્વેષ. ૪. કરોડો. ૫. વચન-વાકય.

નુકસા સિદ્ધ સ્વરૂપકા, સુનિયે ચતુર સુજાણ;
પંચ મહાવ્રત સેવીએ, ઉપજે કેવળજ્ઞાન. ૨૩૩

નૂતન કો જીરણ કરે, કાળ કહાવે સોય;
સમજ લીજીએ પ્રાણીઆ, અજીવ તત્ત્વમેં જોય. ૨૩૪

નેત્ર અપને ખોલકે, દિવ્ય દૃષ્ટિશું દેખ;
ઘટમેં સાહિબ નીરખીએ, જ્ઞાન-ધ્યાનમેં પેખ. ૨૩૫

નૈન વેન અરુ નાસિકા, શ્રવણ અંગ સુખ ભોગ;
ઈનકે લાલચ ફસ રહે, તિનકો નહીં હે જોગ. ૨૩૬

નો ચલ મારગ પાપકે, લાગે દોષ અપાર;
ધર્મ રાહમેં જો ચલે, પાવે શિવભંડાર. ૨૩૭

નૌકાર મંત્ર જપો સદા, ચૌદ પૂર્વકો સાર;
એક ચિત્તશું જપ કરે, સો પાવે ભવપાર. ૨૩૮

નંદીષેણ સુસાધકું, વંદો સદા ત્રિકાલ;
મન વચ કાયા શુદ્ધ હૈ, પંચ મહાવ્રત પાલ. ૨૩૯

નમો અરિહંત દેવકો, સિદ્ધ સૂરિ ઉવઝાય;
સકલ [1]સાધકો વંદના, પાપ સવિ મિટ જાય. ૨૪૦

---

૧. સર્વ પ્રકારના સાધુ-મુનિરાજ.

## ૫

પરમ જ્યોત પરમાતમા, પરમેશ્વર પરધાન;
નમસ્કાર તાકો કરો, શુદ્ધ ચેતના જાન. ૨૪૧

પાપ છોડ તપ જાપ કર, ફ્લે મનોરથ માલ;
દયા ધરમ ચિત્ત રાખીએ, શીલ વ્રતકો પાલ. ૨૪૨

પિતા ધર્મ માતા ક્ષમા, બંધુ સંયમ જાન;
સાચ પુત્ર ભગિની દયા, તિમ સંતોષ પમાન. ૨૪૩

પીવે પાણી [1]છાનકે, સો જૈની કુળવંત;
જીવદયા ચિત્તમેં ધરે, સુમરે શ્રી અરિહંત. ૨૪૪

પુન્યવંત જે પ્રાણીયા, વિલસે સુખ શ્રીકાર;
પાપી દુઃખ પાવે સદા, [2]ભરમેં બહુ સંસાર. ૨૪૫

પૂજા પ્રભુકી કીજીએ, દ્રવ્ય ભાવ દો ભેદ;
જિનવરકી ભક્તિ કરો, મન આણો મતી ખેદ. ૨૪૬

પેટ ભરન કે કારણે, કરતે કોડ ઉપાય;
કર્મલેશ મેટે નહીં, સમજો ચેતનરાય. ૨૪૭

પૈસે[3] જાય સમુદ્રમેં, [4]ગિરસે પાડયે ધાય;
મૂરખ [5]મીત ન કીજીએ, જનમ ઝૂરતાં જાય. ૨૪૮

---

૧. ગળીને. ૨. ભટકે–રઝળે. ૩. પ્રવેશ કરે. ૪. પર્વત પરથી. ૫. મિત્રાચારી–ભાઇબંધી.

પોષે મત તું દેહકો, શોષે તપ કર કાય;
તો પાવે સુખ શાશ્વતા, આવાગમન મિટાય. ૨૪૯

પૌણ[1] ઉરગ[2] પીવે સદા, દુર્બલ નહીં શરીર;
મુનિ રુષા[3] ભોજન કરે, મનમેં રાખે ધીર. ૨૫૦

પંચ પરમપદ સમરીએ, પાળે પંચાચાર;
પંચ વિષયકો પરિહરે, પાવે સુખ નિરધાર. ૨૫૧

પરસંગતકો છોડકે, નિજ આતમકો જાન;
તો પાવે પરમાતમા, ધર્મધ્યાન ઊર માન. ૨૫૨

ફ

ફરસ રસ ઘ્રાણ ચક્ષુકા, શ્રવણ ઇંદ્રિકા પંચ;
[4]ગજ [5]જખ [6]અલિ [7]પતંગ હૈ, નાદ [8]કુરંગ તિર્યંચ. ૨૫૩

ફાસુ[9] ભોજન કીજીએ, સચિત્ત કરો પરિહાર;
સાધુકો ઇહ પંથ હે, ભક્ષ્ય અભક્ષ્ય વિચાર. ૨૫૪

ફિર ફિર ગરભાવાસમેં, લખ ચોરાસી રૂપ;
જ્ઞાન વિના ભરમે[10] સદા, નહિ છૂટે ભવકૂપ. ૨૫૫

ફીકે જગશું હોય કે, શીખે ઉત્તમ ચાલ;
જીવદયા ચિત્તમેં ધરે, પંચ મહાવ્રત પાલ. ૨૫૬

---

૧. પવન. ૨. સર્પ. ૩. લૂખું. ૪. હાથી. ૫. મત્સ્ય. ૬. ભ્રમર. ૭. પતંગીયું. ૮. હરણ. ૯. અચિત્ત. ૧૦. ભટકે.

ફુરકે નૈના દાહિને, ઉપરકો સુખ જાન;
નૈત્ર વામ નીચો ભલો, નરકો હોય કલ્યાણ. ૨૫૭

ફૂલે મત સંસારમેં, ઝૂલે કરમ હિંડોલ;
લખ ચોરાશી પેગમેં, જીવ સદા ડમડોલ. ૨૫૮

ફેરે મનકો આપને, જીતે વિષયવિકાર;
તો પાવે સુખ આતમા, ભવદધિ ઊતરે પાર. ૨૫૯

ફૈલ બૂરા સબ છોડકે, ભલે પંથમેં આવ;
માનવ ભવ ખોવે મતી, અબકે પાયે દાવ. ૨૬૦

ફોકટ ગરવ ન કીજીએ, નહિ વિદ્યા નહિ દામ;
છૂટે સબસેં હોયકે, કીજે અપને કામ. ૨૬૧

ફોજ જીતીએ મોહકી, તબ ચેતન શુદ્ધ હોય;
શિવ[1]મગમેં પગ દીજીએ, પલા[2] ન પકડે કોય. ૨૬૨

ફંદ કરમકે તોડકે, જીવ ચલે શિવથાન;
ફિર ભવમેં આવે નહીં, શુદ્ધ ચેતના જાન. ૨૬૩

ફસે ન જગમેં આયકે, વિષયસુખકો પાય;
ધરમધ્યાન કીજે સદા, તો અવિચળ સુખ થાય. ૨૬૪

---

૧. મોક્ષમાર્ગમાં. ૨. છેડો.

## બ

બહુત બોલ બોલે નહીં, બોલે સમે વિચાર;
બોલ યથારથ બોલીએ, સબકો લાગે પ્યાર. ૨૬૫

બાલાપનમેં ખેલતે, તરુણ ભયે રસરંગ;
વૃદ્ધ સમે નહિં ચેતીયા, તીનો ખોયે અંગ. ૨૬૬

બિન દિયે લેવે નહીં, સાધ પરાયા માલ;
દાન અદત્તા છોડીએ, પંચ મહાવ્રત પાલ. ૨૬૭

*બીને આપ શરીરમેં, સુખ-દુઃખ જેતા હોય;
ધરમધ્યાન કીજે સદા, શિવસુખ પાવે સોય. ૨૬૮

બુદ્ધ[1] પાયકે પ્રાણીયા, કીજે તત્ત્વ વિચાર;
દ્રવ્ય મિલે તો દાન દે, અંગ સાર વ્રત ધાર. ૨૬૯

બૂડે મત સંસારમેં, જગ સાગર વિસ્તાર;
ધર્મનાવમેં બેઠીએ, તબ ઊતરે ભવપાર. ૨૭૦

[2]બેર બેર સમજાવતે, સમજે નહીં ગમાર;
ભવસાગરમેં આયકે, કૈસે ઊતરે પાર ? ૨૭૧

બૈઠો સંગત સાધકે, દૂર જાય સબ વ્યાધ;
બૂરે સંગ નહિ બેઠીએ, નિશદિન હોય ઉપાધ. ૨૭૨

---

૧. બુદ્ધિ. ૨. વારંવાર.

બોલો વાત સુહાવની[1], સબકો લાગે પ્યાર;
ખોટી બાત ન ભાખીએ, બૂરા કહે સંસાર. ૨૭૩

બૌરેસે[2] દૌરે ફિરે, જ્ઞાન વિના ઈહુ જીવ;
જિનકો સમકિત ઉપજા, પહુંચે મુક્ત[3] સદીવ. ૨૭૪

બંદો શીશ નમાયકે, સકલ સાધકે પાય;
દેવ ધરમ અરુ સેવીએ, સવિ પાપ મિટ જાય. ૨૭૫

[4]બરસાં મધ્ય એક વાર જો, કરે ધર્મ ચિત્ત લાય;
પરભવ જાતાં જીવકો, સોહી ધર્મ સહાય. ૨૭૬

ભ

ભવિજન ભજ ભગવંતકો, તજીએ મોહ વિકાર;
જીવદયા ચિત્તમેં ધરો, તો ઊતરો ભવપાર. ૨૭૭

ભાગ્યવંત જે પ્રાણીઆ, પગપગ હોય નિધાન;
ભોજનમેં રસકૂપિકા, મિલે પુન્યશું માન. ૨૭૮

[5]ભિડે ન કાહુ જીવશું, ભાખે નહીં વિપરીત;
શીલ દયા ચિત્ત રાખીએ, કીજે સબશું પ્રીત. ૨૭૯

[6]ભીતર ઘટમેં દેખીએ, દિવ્ય નયનકો ખોલ;
તો પાવે પરમાતમા, અવર ઠોર મત ડોલ. ૨૮૦

૧. સુંદર. ૨. બહુ પ્રકારે. ૩. મોક્ષ. ૪. વર્ષ. ૫. ત્રાસ પમાડે. ૬. હૃદયમાં.

ભુવનપતિ રીઝે જબ, દેવે સાર નિધાન;
તિમ ત્રિભુવનપતિ નાથજી, રીઝે દેવે શિવથાન. ૨૮૧

ભૂલ રહે સંસારમેં, વિષયન સુખ લપટાય;
જો નહિ ચેતે પ્રાણીઆ, સો જગ આવે જાય. ૨૮૨

ભેખ ધરે જો સાધકો, તો મમતા મત રાખ;
જીવદયા પ્રતિપાલીએ, અસત વૈન મત ભાખ. ૨૮૩

ભૈ નહિ કીજે પ્રાણીયા, નિર્ભય કીજે ધ્યાન;
મન વચ કાયા વશ કરો, ઉપજે કેવળજ્ઞાન. ૨૮૪

ભોગ કિયે બહુ રોગ હૈ, યોગ કિયે સુખચેન;
ચેતનતા શુદ્ધ હોય કે, ધ્યાન કરો દિન રૈન.[1] ૨૮૫

[2]ભૌસાગરમેં આયકે, બૂડે મત સંસાર;
નામ નાવ પર ચઢકર, ઊતર જાય ભવપાર. ૨૮૬

ભંજો આઠે કરમકો, જગ ભરમન છૂટ જાય;
પાવે શિવસુખ શાશ્વતા, આવાગમન મિટાય. ૨૮૭

ભરમ જગતકે છોડકે, ધરમધ્યાન મન લાવ;
છૂટે કરમ અનાદકે, તો અવિચળ સુખ પાવ. ૨૮૮

---

૧. રાત્રિ–દિવસ. ૨. ભવસાગરમાં.

## મ

મન બસ રખ નિત ધરમમેં, કરમ ભરમ તજ દૂર;
ભજન કરત નર પરમપદ, મિલત મુક્ત સુખપૂર. ૨૮૯

માયા કાયા કારિમી, જૈસે સંધ્યા રંગ;
જાતા દેરી ના લગે, છોડો યાકો સંગ. ૨૯૦

મિલે સુગુરુ[1] સંસા[2] મિટે, જગે[3] જ્ઞાનવટબીજ;
ભગે કરમકે ફંદશું, પડે નહિ ભવકીચ. ૨૯૧

મીત તીન હૈ જીવકો, દેહ અરુ પરિવાર;
ત્રીજો મિત્ર સુધર્મ હૈ, ચેતન ચિત્તમેં ધાર. ૨૯૨

મુનિવરકો નિત વંદીએ, ભાવભક્તિ ઉર આન;
મુનિ સમ જગમેં કો નહીં, મુનિજન હૈ ગુણખાણ. ૨૯૩

મૂઠી બાંધે આવતાં, જાતાં હાથ પસાર;
દિયા લિયા સંગ જાયગા, પાપ–પુન્ય હૈ લાર. ૨૯૪

મેરે મન પરતીત હૈ, જિન–આગમકી વાત;
અવર વાત મન ના વસે, કિહાં દિવસ અરુ રાત ? ૨૯૫

મૈમૈ[4] કે જિય બોલતે, મૈ નહિ છોડે જીવ;
મમત મૈન[5] જબ છૂટત હૈ, તવ પાવે નિજ પીવ. ૨૯૬

---

૧.સદ્દગુરુ. ૨.શંકા. ૩.જાગે–ઊગે. ૪. મારું–મારું. ૫. મારાપણું.

**મોક્ષ** હોય જબ જીવડા, તબ છૂટે સબ વ્યાધ;
નહિ તો જગમેં ભરમતે, આવાગમન ઉપાધ. ૨૯૭

**મૌ**ની હો બોલે નહિં, માંગે સાન બતાય;
પેટ ભરનકે કારણે, કરતા કોડ ઉપાય. ૨૯૮

**મં**ગલિક પ્રભુનામ હૈ, મત વિસરો ગુણખાણ;
ચેતનતા શુદ્ધ હોયકે, લીજે અવિચળ ઠાણ. ૨૯૯

**મ**નુષા ભવમેં આયકે, ભૂલે મત ગુણવંત;
ધરમધ્યાન કીજે સદા, સમરો શ્રી અરિહંત. ૩૦૦

**ય**

**ય**તિ ધર્મ દશ જાણીએ, ખંત્યાદિક ગુણખાન;
પંચમહાવ્રત પાલતે, જીવદયા ચિત્ત આન. ૩૦૧

**યા**ચક ગુણ લજ્જા ધરે, કામી ધરે કલંક;
દુષ્ટ વિરોધી નિર્દોષકી, બોલે વાત નિઃશંક. ૩૦૨

યિત તિત તું ડોલે મતી, નિજ ઘટ દેખ વિચાર;
પરસંગતકો છોડકે, આપોઆપ નિહાર. ૩૦૩

**ચી**ત ભીત સબ દૂર કર, નિરભયશું શિવવાસ;
ફિર નહીં જગમેં ભરમના, શુદ્ધ ચેતના તાસ. ૩૦૪

યુગ્મ જાતકે જીવ હૈ, ત્રસ થાવર દો ભેદ;
ઈનકી રક્ષા કીજીએ, પાપ કરમકો છેદ. ૩૦૫

યૂપો યોગી જ્ઞાનમેં, ધ્યાન કરે નિતમેવ;
ઘટકે પટકો ખોલકે, દેખે અપના દેવ. ૩૦૬

યેષ્ટ[1] ભ્રાતકો દેખકે, કરે વિનય પ્રણામ;
તો સુખ પાવે જીવડા, પૂરે વાંછિત કામ. ૩૦૭

યૈસા પૂરવ પુન્ય હૈ, તૈસા ઉપજે જ્ઞાન;
સોચ ન કીજે પ્રાણીયા, કીજે નિર્મલ ધ્યાન. ૩૦૮

યોગ વરે સબ મુનિવરા, ક્રિયા કરે દિનરાત;
નિર્દુષન ભોજન કરે, જીવ કરે નહિં ઘાત. ૩૦૯

યૌન[2] સવી ફિર આયકે, પામે નર અવતાર;
અબકે સમજો ચેતના, તો પાવો ભવપાર. ૩૧૦

યંતર[3] કર દેખે સવિ, મંતર પઢે અનેક;
તંતરમેં[4] કછુ ના ભઈ, રખો નામકી ટેક. ૩૧૧

યશ વાધે જો કામસેં, સોઈ કીજે કામ;
ખોટી વાત ન કીજીએ, હોવેગા બદનામ. ૩૧૨

---

૧. જ્યેષ્ટ—મોટા ગુરૂભાઇ. ૨. યોનિ. ૩. યંત્ર. ૪. તંત્ર.

## ર

રતન તીન મનમેં ધરો, દરશન જ્ઞાન ચારિત્ર;
તો સમકિત સુખ ઉપજે, ચેતન હોય પવિત્ર. ૩૧૩

રાગ દ્વેષ સબ પરિહરો, સમતા રખ પરણામ;
મોહ મમત કીજે નહિ, તો પાવે શિવધામ. ૩૧૪

રિદ્ધ પાય ભૂલે મતી, ધન ખરચો શુભકામ;
દીજે દાન સુપાત્રકો, પાવે શિવ વિશરામ. ૩૧૫

રીસ ન કીજે કાહુ પર, સબ જીવ એક સમાન;
જૈસા દુઃખ હે આપને, તૈસા પરદુઃખ જાન. ૩૧૬

રુલે[1] જીવ ગત ચારમેં, લખ ચોરાશી રૂપ;
જ્ઞાન વિના ભરમેં સદા, નહિ છૂટે ભવકૂપ. ૩૧૭

રૂપ દેખ નિજ રૂપકો, ઘટમેં રૂપ સરૂપ;
અંતરધ્યાન લગાયકે, દેખો રૂપ અનૂપ. ૩૧૮

રેખા લિખા લિલાટમેં, સો નહીં મેટે કોય;
શોચ ન કીજે પ્રાણીયા, કરમ લિખા ફળ હોય. ૩૧૯

રૈન[2] સમે વાસો કરે, પ્રાત ભયે ઊઠ જાય;
ઇનવિધ કિરિયા જો કરે, સો જન સાધ કહાય. ૩૨૦

---

૧. ભટકે–રઝળે. ૨. રાત્રિસમયે.

રોક દામ લાચે ઇહાં, નફા કરનકે હેત;
સો તો હારે જાત હૈ, તનિક રહી હૈ ચેત. ૩૨૧

રૈલા જગમેં મત કરે, હૌલે[1] કહિયે બાત;
મીઠા બોલ સુહાવને, ભલા કહે સબ જાત. ૩૨૨

રંચક સુખકે કારણે, લપટ રહે સંસાર;
એહી સુખ–દુઃખ હોયગા, સમજે નહીં ગમાર. ૩૨૩

રસ–ઇંદ્રિકો જીતીએ, ધરમધ્યાન મન લાય;
લઘુ ભોજન રુષા[2] કરે, તપ કર શોષે કાય. ૩૨૪

## લ

લખ ચોરાશી [3]જોનમેં, જીવડા આવે જાય;
જ્ઞાન વિના ભરમેં સદા, મિલે જ્ઞાન સુખ થાય. ૩૨૫

લાખ બાર વિનતિ કરી, સુનિયો શ્રી ભગવાન;
અબકે કિરપા કીજીએ, દીજે અવિચળ થાન. ૩૨૬

લિખા લેખ લિલાટમેં, સુખ–દુઃખ જેતા હોય;
તેતા ફળ પાવે સહી, અધિક ન ઓછા કોય. ૩૨૭

લીજે મારગ ધરમકે, કીજે જ્ઞાન–વિચાર;
ભીંજે સમકિત [4]તોયમેં, સુખ પાવે નિરધાર. ૩૨૮

૧. હળવે હળવે. ૨. લૂખા. ૩. યોનિમાં. ૪. સમકિતરૂપી પાણીમાં.

લુલતા[1] સબ દૂરે હરો, રખો સત્ય સંતોષ;
એક ધ્યાન કીજે સદા, તો પાવેગા [2]મોખ. ૩૨૯

લૂટે ધન સબ જાત હૈ, જો લાયા થા સાથ;
બાકી રહી સો રખ્ખીએ, ધરમ મિત્રકે હાથ. ૩૩૦

લેકે કછુ નહિ જાયગે, જો નહીં કીન્હા ધર્મ;
પુન્ય અદા કરકે ચલે, રહે જગતમેં શર્મ. ૩૩૧

લૈ[3] લાગી પ્રભુનામકી, વિસર ગયે સબ કામ;
આનંદ ઘટમેં ઊપજે, લીએ શિવ વિશરામ. ૩૩૨

લોચન અપની ખોલકે, દેખો દુષ્ટ પ્રસાર;
છાયા અપની દેખીએ, ઉજ્જ્વળ હો સુખકાર. ૩૩૩

લૌ[4] રાખો ઇક નામકી, સબી બાત દે છોડ;
તો પાવે સુખ શાશ્વતા, કરમબંધકો તોડ. ૩૩૪

લંપટકો આદર નહિ, કરે ન કો વિશ્વાસ;
શીલવંત જો પ્રાણીયા, સબ બૈઠાવે પાસ. ૩૩૫

લગા રહે બદકામમેં, છોડે નહીં ગમાર;
અંત સમે સુખ ના મિલે, પાવે દુઃખ અપાર. ૩૩૬

---

૧. લોલુપતા. ૨. મોક્ષ–નિર્વાણ. ૩. લય. ૪. લય.

## વ

વજન રહે તેરા જબે, પૂરા પાવે જ્ઞાન;
તોલ ઘટે બદકામસેં, કોઇ ન દેવે માન. ૩૩૭

વાકો દરસન કીજીએ, જાકે રૂપ ન રેખ;
નિજ ઘટકે પટ ખોલકે, દિવ્ય નયનશું દેખ. ૩૩૮

વિષ અમૃત સમ હોયગા, જો પાલેગા શીલ;
વિઘન ટળે સુખ ઉપજે, મિલે સદા શિવલીલ. ૩૩૯

વીતે દિન સબ જાત હૈ, આઉ ઓછા હોય;
જો નહિ ચેતે પ્રાણીઆ, જનમ જાયગા ખોય. ૩૪૦

*વુનસે કાહે હો રહે, કરો જ્ઞાન ઘટમાંહ;
શિવપુર જાતા ચેતના, કોઇ ન પકડે બાંહ. ૩૪૧

વૂઠા અમૃત મેહ જબ, નિજ ઘટ આપે જોય;
ચેતનતા સુધ હોયગી, ઝીલે સમકિત તોય. ૩૪૨

વેદ તીન છૂટે જબે, તબ જીવ પાવે ચૈન;
તીન રત્ન ઘટ ઉપજે, શિવપુર જાવે ઐન. ૩૪૩

વૈન વાલિયે સમજકે, દોષ ન લાગે કોય;
જીવદયાકે કારણે, ચલિયે મારગ જોય. ૩૪૪

વોસરાવીએ પાપ સબ, નિશદિન કીજે ધ્યાન;
રાગ-દ્વેષ નહિ રાખીએ, ઉપજે કેવળજ્ઞાન. ૩૪૫

વૌરે સો દ્વારે ફિરે, લખ ચોરાશીમાંહિ;
જ્ઞાન વિના થિરતા નહીં, ફિર આવે ફિર જાંહિ. ૩૪૬

વંશ પાય ઉત્તમ જએ, કરતાં મધ્યમ કામ;
કુલકી લાજ ગમાયકે, હુએ જગે બદનામ. ૩૪૭

વશીકરણ જગ દર્પ હૈ, જિનશું સબ હૈ કામ;
જો તું ચાહે મુક્ત સુખ, જપ પરમાતમ નામ. ૩૪૮

શ

શરણ આય ભગવાનકે, તજે કરણસુખ[1] જીવ;
તો પાવે પરમાતમા, શિવપુર જાય સહિય. ૩૪૯

શાસ્ત્ર અનેકા જો પઢે, પંડિત જગ બિચ સોય;
રાગ દ્વેષ છોડે નહીં, મુક્ત કહાંસે હોય ? ૩૫૦

શિવપુર અવિચલ રાજ હૈ, ભવ્ય જીવકો હોય;
અભવ્ય જગમેં ભરમતે, પાર ન પાવે સોય. ૩૫૧

શીલવંત જો પ્રાણીયા, તિનકો રાગ ન દ્વેષ;
મગન રહે સંતોષમેં, તબ પાવે સુખ મોક્ષ. ૩૫૨

---

૧. ઇન્દ્રિયજન્ય સુખ.

શુકલધ્યાનમેં મુક્તિ હૈ, ધર્મધ્યાન સુખ હોય;
સમતા મનમેં લાયકે, કરો ધ્યાન સબ કોય. ૩૫૩

શૂલી સમ જગ જાનીએ, ભૂલે સબ સંસાર;
ભવ્ય જીવ જે ચેતીઆ, તે ઊતરે ભવપાર. ૩૫૪

શેસનાગ વસુધા ધરે, ઇમ કહેતે સંસાર;
ભાવ અનાદિ જાનીએ, તનધનવાત[1] આધાર. ૩૫૫

શૈલી રખ ઇક ધરમકી, મૈલ ન લાગે કોય;
નિર્મળ ચેતન હોયકે, શિવપુર લીજે જોય. ૩૫૬

શોભા પાવે ધરમમેં, પાપ કર્મ દે છોડ;
શિવસુખ વિલસે આતમા, અષ્ટ કરમકો તોડ. ૩૫૭

શૌક[2] ન કીજે વિષયકો, પાવે દુઃખ અપાર;
ધરમધ્યાન કર લીજીએ, સુખ ઉપજે નિરધાર. ૩૫૮

શંખ બજે બહુરા નિકટ, ઉહ દેખે ફૂળ ખાય;
જ્ઞાનહીન જો પ્રાણીયા, સદા વિવેક રહાય. ૩૫૯

શશિ કલંક કંટક કમલ, નિરધન હૈ દાતાર;
ધનવંત કૃપણુતા ધરે, દોષ સબનકે લાર[3]. ૩૬૦

---

૧. તનુવાત ને ઘનવાતને આધારે છે. ૨. શોખ. ૩. પાછળ.

## ષ

ષટ્કાય જીવ પ્રતિપાલતે, જીવદયાકે કાજ;
તિનકો દોષ ન લગત હૈ, પામે અવિચળ રાજ. ૩૬૧

ષાના[1] પીના પહેરના, જિનકો મિલે અપાર;
પુન્યવંત નર જાણીએ, દુઃખ નહિં હોય લગાર. ૩૬૨

ષિરે[2] કર્મ આઠો જબે, તબ પાવે શિવથાન;
નહિંતો જગમેં ભરમના, લખ ચોરાસી જાન. ૩૬૩

ષીજે[3] મત કુણ જીવશું, કીજે ધર્મ સનેહ;
ચેતન ચેતો આપકો, ફિર નહિ મનખા દેહ. ૩૬૪

ષુસી[4] રહે મનમેં સદા, દિલગીરી કરે દૂર;
સમતા ગુણ ચિત્ત લાયકે, સુખ પાવે ભરપૂર. ૩૬૫

ષૂટેગા[5] જબ આઉખા, તબ થિરતા નહિ હોય;
જીવ ચલે તનશું નિકલ, રાખનહાર ન કોય. ૩૬૬

ષેતી[6] ઉત્તમ કીજીએ, ધર્મ–ભૂમ સુખકાર;
રોપો સમકિત બીજકો, ફળે પુન્ય નિરધાર. ૩૬૭

ષેહ[7] જાનકો હોયગો, જબ સુમરેગા નામ;
સકલ બાધ દૂરે ટલે, સુફળ હોય સબ કામ. ૩૬૮

---

૧. ખાના–ખાવું. ૨. ખીરે–ક્ષય થાય. ૩. ખીજે–ક્રોધ કરે. ૪. ખુસી–સુખી. ૫. ખૂટેગા–ખૂટશે. ૬. ખેતી. ૭. ખેહ–ક્ષય.

ષોટી[1] વાત ન કીજીએ, જિનસે હોય ઉપાધ;
ભલે ભલાઇ ના તજે, જ્યોં દુઃખ પડે અગાધ. ૩૬૯

ષોપ[2] ન કીજે પ્રાણીઆ, સમતા મનમેં લાવ;
જો અબકે ચેતે નહીં, ફેર ન એસા દાવ. ૩૭૦

ષંડન[3] મનકો કીજીએ, છંડો મદનવિકાર;
ડંડો ઇંદ્રિ પાંચ જબ, તબ પાવો ભવપાર. ૩૭૧

ષપે[4] કરમ જબ મુક્તિ હૈ, જપે નામ ચિત્ત લાય;
ભૂરેં ફૈલ કીજે નહીં, આવાગમન મિટાય. ૩૭૨

સ

સમકિત પાવે પ્રાણીઆ, પહુંચે અવિચળ થાન;
ફિર નહિં જગમેં ભરમના, છૂટે કરમ નિદાન. ૩૭૩

સાચાકો સબ ચાહતે, જૂઠાકો નહિ માન;
બોલ યથારથ બોલીએ, ચેતન હોય કલ્યાન. ૩૭૪

સિદ્ધ બરાબર સુખ નહિ, દુઃખ નહિં નરક સમાન;
શુદ્ધ ચેતના હોય કે, લીજે શિવપુર થાન. ૩૭૫

સીખે વેદપુરાણ સબ, શીખે જોતિષ સાર;
એક દયા નહીં શીખીયા, ગયે જનમકો હાર. ૩૭૬

---

૧. ખોટી. ૨. ખોપ–ક્રોધ. ૩. ખંડન. ૪. ખપે.

સુનકે કથા પુરાણકી, હિયમેં ઉપજ્યું જ્ઞાન;
રાગ દ્વેષકો છોડકે, સદા કરે શુભ ધ્યાન. ૩૭૭

સૂમ[1] દરબ ખરચે નહીં, જોડજોડ મર જાય;
સખી[2] જીવ ધરમાતમા, ધન ખરચે અરુ ખાય. ૩૭૮

સેરી સેરી ભરમતે, કાહે ચતુર સુજાન;
ઘટમેં દેખ નિહારકે, તબ પાવે ભગવાન. ૩૭૯

સૈના સનમુખ મોહકે, કરે જુદ્ધ જીવ[3] સાથ;
જ્ઞાન કટક[4] સમતા લિયે, જીત ભયે જિયનાથ. ૩૮૦

સોના રૂપા દેખકે, ભૂલ ગયે સબ જાત;
ચાર દિનોંકી ચાંદની, ફિર અંધારી રાત. ૩૮૧

સૌલે[5] પાસે ડાલકે, ચલે જો અવળે ચાલ;
બિન સમજે હારે સદા, સમજે જીતે લાલ. ૩૮૨

સંજમ મારગ કઠિન હૈ, જો પાલે સો શૂર;
સત્ય શીલ સમતા ધરે, કરમ કરે ચકચૂર. ૩૮૩

સમઝે ચેતન આપકો, સદા કરે તપ-જાપ;
શુભ કરની મનમેં ધરે, દૂર જાય સબ પાપ. ૩૮૪

---

૧.કંજુસ. ૨.દાતાર. ૩.જીવની સાથે.૪.સેના-લશ્કર.૫.સવળા.

## હ

હસ હસ કર મત બાંધીએ, નહિ છૂટેગા રોય;
સમજો સમતા જ્ઞાનમેં, ચેતનતા સુખ હોય. ૩૮૫

હારે મત જગ આયકે, સારે આતમકાજ;
ટારે રાગ અરુ દ્વેષકો, તો પાવે શિવરાજ. ૩૮૬

હિત કીજે સબ જીવશું, વૈરભાવ તજ દેય;
જો તું આયા જગતમેં, શુભ કરણી કર લેય. ૩૮૭

હીનેશું નહિ બોલીએ, હીન હોય સબ જ્ઞાન;
જો તું ચીન્હે[1] આપકું, તો કરલે શુભ ધ્યાન. ૩૮૮

હુકમ બડેકી રાખીએ, શીખ બડેકી માન;
કીજે કરમ વિચારકે, પાપ–પુન્ય પહિચાન. ૩૮૯

હૂઆ મનખા દેહ તો, પૂરવ પુણ્યપ્રભાવ;
અબકે ચેતો ચેતના, ધરમધ્યાન મન લાવ. ૩૯૦

હેલેગા ભવસિંધુ જબ, તબ ઉતરેગા પાર;
મેલે કર્મ કુચાલકો, સુખ પાવે નિરધાર. ૩૯૧

હૈ તુજ મેં પરમાતમા, નહિ સુઝે [2]દૃગહીન;
દિવ્ય નયનશું દેખીએ, જો હોવે [3]પરવીન. ૩૯૨

---

૧. સમજે. ૨. દૃષ્ટિવિહીન. ૩. પ્રવીણ–વિચક્ષણ.

હોનહાર સો હોયગા, અનહોની નહિ હોય;
લિખા લેખ જો ભાલકો, મેટ સકે નહીં કોય. ૩૯૩

હોલે[1] હોલે સાધીએ, વિદ્યા અરુ અભ્યાસ;
મહેનતશું સબ સિદ્ધ હે, પૂરે મનકી આશ. ૩૯૪

હંસા જબ ઊડ જાયગા, પિંજર રહે નિદાન;
તબ બસાય[2] કછુ ના ચલે, સમજો આપ સુજાન. ૩૯૫

હલકી બાત ન બોલીએ, અપને મુખસે [3]બેન;
ધર્મધ્યાનકી વારતા, સદા કરો દિન [4]રેન. ૩૯૬

## લ ( ળ )

લગન લગી પ્રભુનામશું, વિસર ગઈ સબ કામ;
સમતા મનમેં ઉપજે, પાવે શિવ વિશરામ. ૩૯૭

લાજ કરો બદફૈલશું, લપટો મત સંસાર;
અપના જગમેં કો નહીં, જૂઠા મોહ વિકાર. ૩૯૮

લિમ[5] લાગે જિસ વાતસેં, સો નહીં કહીએ વાત;
ભલી વાતમેં જશ વધે, સો કહીએ વિખ્યાત. ૩૯૯

લીલા કછુ કીજે નહીં, લીલા દોષ વિલાસ;
લીલા જગકી છોડીએ, તબ પાવે શિવવાસ. ૪૦૦

---

૧. હળવે હળવે. ૨. વ્યવસાય. ૩. વચન. ૪. રાત. ૫. હાનિ જણાય.

લુબધ રહે સંસારમેં, કુવંધે[1] કિએ સબ કામ;
સુવધ[2] ધ્યાન આવે જબ, તબ પાવે વિસરામ. ૪૦૧

લૂખા સૂકા ખાયકે, નિર્મળ પાણી પીવ;
પરકી ચોપડી દેખકે, મત લલચાવે જીવ. ૪૦૨

લેખા જોખા સાફ રખ, મત કરીએ નુકસાન;
પૂંજી રખીએ આપની, તો સુખ પાવે જાન. ૪૦૩

લૈલા[3] નારી મોહકી, મજનુ[4] જીવ સુજાન;
ચૈતન ઐસી પ્રીત કર, તો પહુંચે શિવથાન. ૪૦૪

લોચે મૂંડે કેશકો, ભાવે જટા વધાર;
મમત માન મિટે નહીં, નહિ પાવે ભવપાર. ૪૦૫

લૌકે અનુભવ જ્ઞાન જબ, ઘટમેં જોત પ્રકાશ;
ઉપજે સમકિત વાસના, પૂરે મનકી આશ. ૪૦૬

લંઘે ભવસાગર વિકટ, કટક[5] મોહકી જીત;
પહુંચે અવિચળ થાનમેં, છોડ જગતકી રીત. ૪૦૭

લપટે મત સંસારમેં, કપટ દીજીએ છોડ;
જો ચાહે સુખ શાશ્વતા, તો સમતા ગુણ જોડ. ૪૦૮

---

૧. દુષ્કૃત્ય. ૨. સારુ. ૩. લયલા. ૪. મજનુ. લયલા–મજનુનો પ્રેમકિસ્સો મશહૂર છે. ૫. સેના–લશ્કર.

## ક્ષ

ક્ષમા ખડગ કર[1] લીજીએ, કરો મોહશું યુદ્ધ;
જીત નિશાન બજાયકે, પહુંચે અવિચળ શુદ્ધ. ૪૦૯

ક્ષાયક સમકિતવંત જો, સો પાવે ભવપાર;
લખ ચોરાશી ભરમના, છૂટ જાય નિરધાર. ૪૧૦

ક્ષિતિમેં[2] આએ અવતરે, મનુષ રૂપ હૈ આપ;
પાપ કરમકો છોડકે, કીજે તપ અરુ જાપ. ૪૧૧

ક્ષીર–નીર સમ પ્રીત કર, મિલે જોતશું જોત;
શુદ્ધ ચેતના કીજીએ, તો અવિચળ સુખ હોત. ૪૧૨

ક્ષુધા પરિસહ જીતકે, તપ કીજે ગુણખાણ;
લબ્ધિ અઠાવીશ ઊપજે, કિરિયા વ્રત મન આન. ૪૧૩

ક્ષૂદ્રપનાકો છોડકે, સરલ ભાવ મન આન;
ક્રોધ માન માયા તજો, તો સુખ ઉપજે માન. ૪૧૪

ક્ષેત્ર વિદેહ[3] સુહાવનો, જનમે શ્રી ભગવાન;
વિહરમાન જિનવર તિહાં, સીમંધર ગુણખાન. ૪૧૫

ક્ષૈ હોગા સબ કરમ તબ, તું પાવે શિવરાજ;
ફિર નહી જગમેં અવતરે, છૂટ જાય સબ કાજ. ૪૧૬

---

૧ હાથમાં. ૨. પૃથ્વી પર. ૩. મહાવિદેહ.

ક્ષોભ ન કીજે પ્રાણીઆ, સમતા મનમેં માન;
ધરમધ્યાન કર લીજીએ, પાવે અવિચળ થાન. ૪૧૭

ક્ષૌર[1] કરમ કર લીજીએ, શુભ નક્ષત્ર શુભ વાર;
તો સુખ પાવે આતમા, લગે ન દોષ લગાર. ૪૧૮

ક્ષંચે મનકો આપને, સંચે સમતા ભાવ;
મનુષ જનમમેં આયકે, મત ખોવે તૈં દાવ. ૪૧૯

ક્ષમસેં[2] ધરમ ધ્યાનકર, પાવે કેવળજ્ઞાન;
અવિચલ સુખ વિકસે સદા, શુદ્ધ આતમા જાન. ૪૨૦

## અ, આ, ઇ, ઈ વિગેરે ૧૨ સ્વરો.

અકલ સરૂપી અગમમત, પરમજોત ભગવાન;
ઇન સાહિબકે ધ્યાન ધર, મેટો મમતા માન. ૪૨૧

આપા આપ વિચારકે, દેખો ઘટ પટ ખોલ;
અંતરમેં પરમાતમા, અવર ઠૌલ[3] મત ડોલ. ૪૨૨

ઈત આવત ઉત જાત હૈ, જનમ ચવન કઈ વાર;
નરભવમેં જો ચેતિયા, સો ઉતરે ભવપાર, ૪૨૩

ઈત ભીત લાગે નહિ, ધર સમતા અરુ શીલ;
સત્ય વચન ભાખે સદા, તો પાવે શિવલીલ. ૪૨૪

---

૧. ક્ષૌરકર્મ—હજામત. ૨. ક્ષમાયુક્ત. ૩. સ્થાન.

ઉત્તમ કરણી કીજીએ, મધ્યમ દીજે ટાલ;
દાન શીલ તપ ભાવના, કીજે મન ઉજમાલ. ૪૨૫

ઊગે અનુભવ જ્ઞાન જબ, નિરમલ આતમ હોય;
જગ બંધન સબ છોડકે, શિવપદ પાવે સોય. ૪૨૬

એક નામ ચિત્ત ધારીએ, દુવિધા કીજે ત્યાગ;
તીનો તત્ત્વ વિચારકે, જોગ જગતમેં જાગ. ૪૨૭

ઐશ્વર્ય મિલેગા પુન્યશું, પાપ સદા દુઃખ દેત;
પુન્ય પાપ સુખ દુઃખ સકલ, મેટે શિવસુખ હેત. ૪૨૮

ઓપે અનુભવ જ્ઞાન જબ, રોપે સમકિત મૂલ;
અવિચળ ફળ ચાખો સદા, સો જીવન અનુકૂળ. ૪૨૯

ઔઅલવાત[1] સુહાવણી, સબકો લાગે પ્યાર;
બૂરી વાત નહિં બોલીએ, દુઃખ પાવે સંસાર. ૪૩૦

અંગ પવિત્ર જબ હોયગા, સત્ય શીલ મન ધાર;
જીવ પવિત્ર જિનકે ભયે, સો ચેતન ભવપાર. ૪૩૧

અધ્યાતમ બારાક્ષરી, પૂરી ભઈ સુજાન;
સબ સેંતાલિસ[2] અંકકે, ચેતન ભાખ્યો જ્ઞાન. ૪૩૨

---

૧. એ એક જ વાત. ૨. વ્યંજન ૩૫ ના બાર બાર ને સ્વર ૧૨ ના ૧૨ એમ સુડતાલીશ અક્ષરના કુલ ૪૩૨ દોહા.

અંક અંક દોરે ધરે, બાર બાર ગુણખાણ;
સબ ચારસે બત્રીશ હૈ, બારખડી કે જાણ. ૪૩૩

ભાષા સુગમ સુહાવની, રચી બુદ્ધપરમાન[1];
ભણે ગુણે ને સાંભળે, તિનકો ઉપજે જ્ઞાન. ૪૩૪

સંવત અઠાર ત્રેપને, સુકલ તીજ ગુરુવાર;
જેઠ માસ કો જ્ઞાન ઇહ, ચેતન કિયો વિચાર. ૪૩૫

યામે જો કછુ ચૂક હૈ, તે બકશો[2] અપરાધ;
પંડિત ધરો સુધારકે, તો ગુણ હોય અગાધ. ૪૩૬

જ્ઞાનહીન જાનું નહીં, મનમેં ઉઠી તરંગ;
ધરમધ્યાનકે કારણે, ચેતન રચે સુઅંગ. ૪૩૭

**( સં. ૧૮૫૩ ના જેઠ શુદિ ૩ ને ગુરુવારે આ રચના કરી છે. )**

( કર્ત્તાએ નામ આપ્યું નથી )

**અધ્યાતમ બારાક્ષરી-સંપૂર્ણ**

---

૧. બુદ્ધિ પ્રમાણે. ૨. માફ કરો.

બનારસીદાસકૃત

# અધ્યાત્મ બત્રીશી

શુદ્ધ વચન સદ્ગુરુ કહે, કેવલીભાખિત અંગ;
લોકપુરુષ પરમાન સબ, ચૌદહ રજ્જુ ઉત્તંગ. ૧

ઘૃત ઘટ પૂરિત લોકમેં, ધર્મ અધર્મ આકાશ;
કાલ જીવ પુદ્ગલ સહિત, છહું દ્રવ્યકા વાસ. ૨

છહું દ્રવ્ય ન્યારે સદા, મિલે ન કાહુ કોય;
ખીર-નીર જ્યું મીલી રહે, ચેતન પુદ્ગલ દોય. ૩

ચેતન પુદ્ગલ યું મિલે, જ્યું તિલમેં ખલ[1] તેલ;
પ્રગટ એકસેં દેખીએ, યહ અનાદિકે ખેલ. ૪

વહ વાંકે રસશું રમે, વહ વાંશું લપટાય;
ચુંબક કર્ષે લોહ જ્યું, ધોહ લગે તિહાં ધાય. ૫

જડ પરગટ ચેતન ગુપત, દુવિધા લખે ન કોય;
યહ દુવિધા સોઇ લખે[2], જે સુવિચચ્છન[3] હોય. ૬

જ્યું સુવાસ ફલ-ફૂલમેં, દહીં દૂધમેં ઘીઉ;
પાવક કાઠ[4] પાષાણમેં, ત્યું શરીરમેં જીઉ. ૭

---

૧. ખોળ. ૨. સમજે. ૩. સુવિચક્ષણ. ૪. કાષ્ઠ.

કર્મસ્વરૂપ હે કર્મમેં, ઘટાકાર ઘટમાંહિ;
પ્રગુણ પ્રદેશ છન્ન સબ, આને પરગટ નાંહિ. ૮

સહજ શુદ્ધ ચેતન બસે, ભાવકર્મકી ઓર;
દ્રવ્યકર્મ નોકર્મશું, બંધી પિંડકીચોર. ૯

જ્ઞાનરૂપ ભગવાન શિવ, ભાવ કર્મ ચિત્ત ભર્મ;
દ્રવ્ય કર્મ તનકાર મન, યહ શરીર નોકર્મ. ૧૦

જ્યું કોઠીમેં ધાન્ય હૈ, ચમીમાંહિ કણ બીચ;
ચમી ધોઈ કણ પરખીએ, કોઠી ધોયે કીચ. ૧૧

કોઠીસમ નોકર્મ મલ, દ્રવ્ય કર્મ જ્યું ધાન;
ભાવ કર્મ મલ જ્યું ચમી, કણ સમાન ભગવાન. ૧૨

દ્રવ્ય કર્મ નોકર્મ મલ, દોઉ પુદ્ગલ જાલ;
ભાવ કર્મ ગાત જ્ઞાનમતિ, દુવિધ બ્રહ્મકી ચાલ. ૧૩

દુવિધ બ્રહ્મકી ચાલસેં, દુવિધ ચક્રકો ફેર;
એક જ્ઞાનકો પરિણમન, એક કર્મકો ઘેર. ૧૪

જ્ઞાનચક્ર અંતર ગુપત, કર્મ ચક્ર પ્રત્યક્ષ;
દોઉ ચેતન ભાવ જ્યોં, શુકલપક્ષ તમપક્ષ[1]. ૧૫

નિજ ગુણ નિજ પર્યાયમેં, જ્ઞાનચક્રકી ભૂમિ;
પરગુણ પરપર્યાયશું, કર્મચક્રકી ઘૂમી. ૧૬

---

૧. કૃષ્ણપક્ષ.

જ્ઞાન ચક્કકી ધરણીમેં, સજગ ભાતિ સબ ઠોર;
કર્મ ચક્કકી નિંદશું, મૃષા સુપનકી દોર. ૧૭

જ્ઞાન ચક્ર જ્યું દર્શની, કર્મ ચક્ર જ્યું અંધ;
જ્ઞાન ચક્રમેં નિર્જરા, કર્મ ચક્રમેં બંધ. ૧૮

જ્ઞાન ચક્ર અનુસરનકો, દેવ ધર્મ ગુરુ દ્વાર;
દેવ ધર્મ ગુરુ જે લખે[1], તે પામે ભવપાર. ૧૯

ભવભાસી[2] જાને નહિ, દેવ ધર્મ ગુરુ ભેદ;
પડ્યો મોહકે ફંદમેં, કરે મોક્ષકો ખેદ. ૨૦

ઉદે કુકર્મ સુકર્મકે, રુલે ચતુર્ગતિમાંહિ;
નિરખો બાહિર દૃષ્ટિસેં, તિહીં શિવમારગ નાંહી. ૨૧

દેવ ધર્મ ગુરુ હે નિકટ, મૂઢ ન જાને ઠોર;
બંધ્યા દૃષ્ટિ મિથ્યાતસેં, લખે ઓરકી ઓર[3]. ૨૨

ભેખધારકો ગુરુ કહે, પુન્યવંતકો દેવ;
ધર્મ કહે કુલરીતિકો, યહ કુકર્મકી ટેવ. ૨૩

દેવ નિરંજનકો કહે, ધર્મ વચન પરમાન;
સાધુપુરુષકું ગુરુ કહે, યહ સુકર્મકો જ્ઞાન. ૨૪

જાને માને અનુભવે, કરે ભક્તિ મન લાય;
પરસંગતિ આશ્રવ સવે, કર્મ બંધ અધિકાય. ૨૫

---

૧. જાણે-ઓળખે. ૨. ભવાભ્યાસી. ૩. એકને બદલે બીજું.

કર્મબંધસેં ભ્રમ બઢે, ભ્રમસેં લખે ન વાટ[1];
અંધરૂપ ચેતન રહે, બીન સુમતિ ઉદ્‌ઘાટ. ૨૬

સહજ મોહ જબ ઉપશમે, રૂચે સુગુરુ ઉપદેશ;
તવ વિભાવ ભવભીતિ ઘટે, જગે જ્ઞાન ગુણ લેશ. ૨૭

જ્ઞાન લેશ સોહે સુમતિ, લખે મુક્તિકી લીક[2];
નિરખે અંતર દૃષ્ટિસેં, દેવ ધર્મ ગુરુ ઠીક. ૨૮

જયોં સુપરીક્ષક જોહરિ[3], કાચ ડારી મણિ લેઇ;
ત્યું સુબુદ્ધિ મારગ ગહે, દેવ ધર્મ ગુરુ સેઇ. ૨૯

દર્શન જ્ઞાન ચારિત્ર ગુણ, દેવ ધર્મ ગુરુ શુદ્ધ;
પરખે આતમ સંપદા, તજે સ્નેહ સવિરુદ્ધ. ૩૦

અર્ચે દર્શન દેવતા, ચર્ચે ચારિત્ર ધર્મ;
દઢ પરિચય ગુરુજ્ઞાનીકો, યહે સુમતિકો મર્મ. ૩૧

સુમતિ કર્મસેં શિવ સધે, ઓર ઉપાય ન કોય;
શિવ સ્વરૂપ પરકાશસેં, આવાગમન ન હોય. ૩૨

સુમતિ કર્મ સમકિત સહિત, દેવ ધર્મ ગુરુ ધાર;
કહત **બનારસી** એહ તત[4], લહી પાવે ભવપાર. ૩૩

---

૧. માર્ગ ન જાણે. ૨. લીંટી–માર્ગ ૩. ઝવેરી. ૪. તત્ત્વ.

શ્રી વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) કૃત

# ઉપદેશ બાવની

સવૈયા એકત્રીસા

ૐ નિત પંચ મીત સમર સમર ચિત અજર અમર હિત નિત ચિત ધરીએ, સૂરિ ઉજઝા મુનિ પુજજા જાનત અરથ ગુજજા મનમથ મથન કથનશું ન ડરીએ; બાર આઠ ષટ્તીસ પણવીસ સાતવીસ સતઆઠ ગુણ ઈસ માળ[1] બીચ કરીએ, એસો વિભુ ૐકાર બાવન વરણ સાર આતમ આધાર પાર તાર મોક્ષ વરીએ. ૧

## દેવસ્તુતિ

નથન કરન પન હનન કરમઘન ધરત અનઘ મન મથન મદન કો, અજર અમર અજ અલખ અમલ જસ અચલ પરમપદ ધરત સદનકો; સમર અમર વર ગનધર નગવર થકત કથન કર ભરમ કદનકો, સરન પરત તસ નમત અનઘ જસ અતમ પરમપદ રમન દદનકો. ૨.

નમો નિત દેવદેવ આતમ અમર સેવ ઇંદ ચંદ તાર વૃંદ સેવે કર જોરકે, પાંચ અંતરાય ભીત રતિ ને અરતિ જીત હાસ શોક કામ વીત[2] મિથ્યાગિરિ તોરકે; નિંદ ને

---

૧. નવકારવાળી. ૨. દુગંચ્છા.

અત્યાગ[1] રાગ દ્વેષ ને અજ્ઞાન યાગ અષ્ટાદશ દોષ હન નિજગુણુ ફેરકે, રૂપ જ્ઞાન મોક્ષ જશ વધ ને વૈરાગ સિરી ઇચ્છા ધર્મ વીરજ જતન ઈશ ઘેરકે. ૩.

## ગુરુસ્તુતિ

મગન ભજન મગ ધરમ સદન જગ ઠરત મદન અગ ભગ તજ સરકે, કટત કરમ વન હરત ભરમ જન ભવવન સઘન હટત સબ જરકે; નમત અમરવર પરત સરન તસ કરત સરન ભર અઘ મગ ટરકે, ધરત અમલ મન ભરત અચર ધન કરત અતમ જન પગ લગ પરકે. ૪.

મહામુનિ પૂર ગુની નિજ ગુન લેત ચુની માર ધાર માર ધુનિ વુની સુખ સેજકો, જ્ઞાનતેં નિહાર છાર દામ ધામ નાર પાર સાતવીસ ગુણુ ધાર તારક સહજકો; પુગલ ભરમ છોર નાતા તાતા જોર તોર આતમ ધરમ જોર ભયો મહાતેજકો, જગ ભ્રમજાલ માન જ્ઞાન ધ્યાન તાર દાન સત્તાકે સરૂપ આમ મોક્ષમે રહેન(જ)કો. ૫.

## ધર્મસ્વરૂપ

સિદ્ધમત સ્યાદ્વાદ કથન કરત આદ ભંગકે તરંગ સાદ સાત રૂપ ભયે હૈ; અનેકંત માને સંત કથંચિત રૂપ ઠંત મિથ્યામત સબ હંત તત્ત્વ ચીન લયે હૈ;

---

૧. અવિરતિ.

નિત્યાનિત્ય એકાનેક સાસતીન વીતીરેક ભેદ ને અભેદ ટેક ભવ્યાભવ્ય ઠયે હૈ, શુદ્ધાશુદ્ધ ચેતન અચેતન મૂરતિરૂપ રૂપાતીત ઉપચાર પરમકું લયે હૈ. ૬.

સિદ્ધમાન જ્ઞાન શેષ એકાનેક પરદેશ દ્રવ્ય ખેત કાલ ભાવ તત્ત્વ નીરનીત હૈ, નય સાત સતસાત[૧] ભંગકે તરંગ થાત વ્યય ધ્રુવ ઉતપાત નાના રૂપ કીત હૈ; રસકૂંપ કેરે રસ લોહકો કનક જૈસે તૈસે સ્યાદવાદ કરી તત્ત્વનકી રીત હૈ, મિથ્યામત નાશ કરે આતમ અનઘ ધરે સિદ્ધવધુ વેગ વરે પરમ પુનીત હૈ. ૭.

ધરતી ભગત હિત જાનત અમીત જીત માનત આનંદ ચિત ભેદકો દરસતી, આગમ અનુપ ભૂપ ઠાનત અનંત રૂપ મિથ્યા ભ્રમ મેટનકું પરમ ફરસતી; જિન મુખ વૈન ઐન તત્ત્વજ્ઞાન કામધેન કામ મતિ સુધિ દેન મેઘ જ્યું વરસતી, ગણુનાથ ચિત(ત્ત) ભાઇ આતમ ઉમંગ ધાઇ સંતકી સહાઇ માઇ સેવીએ સરસતી. ૮.

અધિક રસીલે ઝીલે સુખમેં ઉમંગ કીલે આતમ-સરૂપ ઢીલે રાજત જીહાનમેં, કમલવદન દીત સુંદર રદન [૨]સીત કનક વરન નીત મોહે મદપાનમેં; રંગ બદરંગ લાલ મુગતા કનકજાલ પાગ ધરી ભાલ લાલ

---

૧. સાતસો. ૨. શ્વેત દાંત.

રાચે તાલ તાનમેં, છીનક•તમાસા કરી સુપનેસી રીત ધરી ઐસે વીર લાય જૈસે બાદર વિહાનમેં. ૯.

આલમ અજાન માન જાન સુખ–દુઃખ ખાન ખાન સુલતાન રાન અંતકાલ રોચે હૈ, રતન જરત ઠાન રાજત દમક ભાન કરત અધિક માન અંત ખાખ હોયે હૈ; કેસુકી કલીસી દેહ છીનક ભંગુર જેહ તીનહીકો નેહ એહ દુઃખબીજ બોયે હૈ, રંભા ધન ધાન જોર આતમ અહિત ભોર કરમ કઠન જોર છારનમેં સોયે હૈ. ૧૦.

ઇત ઉત ડોલે નીત છોરત વિવેક રીત સમર સમર ચિત નિત હી ધરતુ(ત) હૈ, રંગ રાગ લાગ મોહે કરત કૂફર ધારે રામા ધન મન ટોહે ચિતમેં અચેતુ(ત) હૈ; આતમ ઉધાર ઠામ સમરે ન **નેમિ** નામ કામ દહે આઠ જામ ભયો મહાપ્રેતુ(ત) હૈ, તજકે ધરમ ઠામ. પરકે નરક ધામ જરે નાના તુ(ત) દુઃખ ભરે નામ કોન લેત હૈ. ૧૧.

ઇસ જિન ભજ નાથ હિરદેકમલ પાથ નામ વાર સુધારસ પીકે મહમહેગો, દયાવાન જગહીત સતગુરુ સુર નીત ચરણકમલ મીત સેવ સુખ લહેગો; આતમ-સરૂપ ધાર માયાભ્રમ જાર છાર કરમ વી(વિ)ડાર ફાર

સદા જીત રહેગો, દેહ ખેહ અંત ભઇ નરકનિગોદ લઈ ખ્યારે મીત પુન કર ફેર કૌન કહેગો ? ૧૨

ઉદે ભયો પુન પૂર નરદેહ ભુરી નૂર વાજત આનંદ તૂર મંગલ કરાયે હે, ભવવન સઘન દગધ કર અગન જ્યું સિદ્ધવધુ લગન સુનત મન ભાયે હે; સરધાન મૂલ માન આતમ સુજ્ઞાન જાન જનમ મરણુ દુઃખ દૂર ભગ જાયે હે, સંજમ ખડ્ગ ધાર કરમ ભરમ ફાર નહિતર પીછે હાથ ઘસ પછતાયે હે. ૧૩.

ઊંચ નીચ રંક ફૂંક કીટ ને પતંગ ઢંક ઢોર મોર નાનાવિધ રૂપકો ધરતુ હે, શૃંગધાર ગજાકાર વાજ-વાજી નરાકાર પૃથ્વી તેજ વાત વાર રચના રચતુ હે; આતમ અનંત રૂપ સત્તા ભૂપ રોગ ધૂપ પરે જગ અંધ કૂપ ભરમ ભરતુ હે, સત્તાકો સરૂપ ભૂલ કરન હીંડોરે ઝુલ કુમતાકે વશ જીયા નાટક કરતુ હે. ૧૪

ઋદ્ધિ સિદ્ધિ એસે જરી ખોદકે પતાર ધરી કરથી ન દાન કરી હરિ[૧] હર લહેગો, રસના રસકું છોર વસન અસન દોર અંતકાલ છોર કોર તાપ દિલ દહેગો; હિંસા કર મૃષા ધર છોર ઘોર કામ પર છોર જોર કર પાપ તેહ સાથ રહેગો, જોંલોં મિત આનપાન[૨]

૧. ઈંદ્ર. ૨. જ્યાંસુધી શ્વાસોચ્છ્વાસ છે ત્યાંસુધીમાં.

(દે) પાન તાંલો કર ક્રૂર દાન વસેહું મસાન ફેર કોન દેદે કહેગો. ૧૫

રીત વિપરીત કરી જરતા સરૂપ ધરી કરતો બુરાઇ લાઈ ઠાને મદ માનકું, ધૂત ધૂત (જૂઠ) મંસ ખાત સુરાપાન જીવઘાત ચોરી ગોરી પરજોરી વેશ્યાગીત ગાનકું; સત કરતુત[1] ઉત જાને ન ધરમસૂત[2] માને ન સરમ ભૂત છોર અભેદાનકું, મૂત ને પુરીસ ખાત ગરભ પરત જાત નરક નિગોદ વસે તજકે જહાનકું. ૧૬.

લિખન પઠન દીન શીખત અનેક ગિન કોઉ નહિ તત્ત[3] ચિન છીનકમેં છીજે હૈ, ઉત્તમ ઉતંગ સંગ છોરકે વિવિધ રંગ રંભા દંભા ભોગ લાગ નિશદિન ભીંજે હૈ; કાળ તો અનંત બળી સુર વીર ધીર દલી ઐસે ભી ચલત જ્યું સીંચાન[4] ચિટ[5] લીજે હૈ, છોરકે ધરમ દ્વાર આતમ વિચાર ડાર છારનમેં ભઈ છાર ફેર કહા કીજે હૈ. ૧૭.

લીલા ધારી નરનારી ખેમંગ જોગકું વારી જ્ઞાનકી લગન હારી કરે રાગ ઠમકો, યોવન પતંગ રંગ છીનકમેં હોત ભંગ સજન સનેહી સંગ વિજકેસા ચમકો;

---

૧. સાત વ્યસન. ૨. ધર્મસૂત્ર. ૩. તત્ત્વજ્ઞાન. ૪. સીંચાણો. ૫. ચકલાને.

પાપકો ઉપાય પાય અધ પુર સુર થાય પરપરા તેરે ધાય ચેરો ભયે જમકો, અરે મૂઢ ! ચેતન અચેતન તું કહા ભયો આતમ સુધાર તું ભરોસો કહા દમકો ? ૧૮.

એક નેક રીત કર તોષ ધર દોષ હર કુફ્ર ગુમર હર કર સંગ જ્ઞાનીકો, ખંતિ નિરલોભ ભજ સરલ કોમલ રજ સત ધાર માર[1] તજ તજ સંગ માનીકો; તપ ત્યાગ દાન જાગ શીલ મિત પીત લાગ આતમ સોહાગ ભાગ માગ સુખ દાનીકો, દેહ સ્નેહ રૂપ એત સદા મીત થિર નેત અંત હિ વિલાય જૈસે બુદબુદ પાનીકો. ૧૯.

ઐરાવત નાથ ઈંદ વદન અનૂપ ચંદ રંભા આદ નારવૃંદ ધુજે દ્રગ જોયકે, ખટ ખંડ રાજમાન તેજ ભરે વર ભાન ભામનિકે રૂપરંગ દીસે સેજ સોયકે; હલધર[2] ગદાધર[3] ધરાધર નરવર ખાનપાન ગાનતાન લાગ પાપ વોયકે, આતમ ઉધાર તજ બીનક ઈશક ભજ અંત વેર હાય ટેર[4] ગયે સબ રોયકે. ૨૦.

ઓડક[5] વરસ શત આયુમાન માન સત સોવત વિહાત આધ લેત હે વિભાવરી[6], તત બાલ ખેલ ખ્યાલ

---

૧. કામદેવ. ૨. બળદેવ. ૩. વાસુદેવ. ૪. હાય હાય કરીને. ૫. છેવટ–વધારેમાં વધારે. ૬. રાત્રિ.

અરધ હરત પ્રૌઢ આધ વ્યાધ રોગ સોગ સેવ કાંતા બાવરી; ઉદગ તરંગ રંગ યૌવન અનંગસંગ સુખકી લગન લગે ભઇ મતિ બાવરી, મોહ કોહ દ્રોહ લોહ જટક પટક ખોહ આતમ અજાન માન ફેર કહાં દાવરી ? ૨૧.

ઔષધ અનેક જરી[1] મંત્ર તંત્ર લાખ કરી હોત ન બચાવ ઘરી[2] એક કહુ પ્રાનકો, સાર વાર કરી છરે રૂપ રસ ધરે પરે યમ નિશદિન ખરે હરે માની માનકો; વાલ લાલ માલ નાલ થાલ પાલ ભાલ સાલ ઢાલ જાલ ડાલ ડાલ ચલે છોર પાનકો, આતમ અજર કાર સિંચત અમૃત ધાર અમર અમર નામ લેત ભગવાનકો. ૨૨.

અંધ જ્ઞાન દ્રગરિત માનત અહિત ચિત ગિનત અધમ રીત રૂપ નિજ હાર રે, અલખ અનંત અંશ જ્ઞાન ચિન તેરો હંસ કેવત અખંડ વંસ વાકે કર્મ ભાર રે; ચુરા નુરા લુરા સુરા શ્યામા શ્વેત રૂપ ભૂરા અમર નરક કુરા નર હે ન નાર રે, સત ચિત નિરાબાધ રૂપરંગ વિના લાધ પૂરણુ અખંડ ભાન આતમ સંભાર રે. ૨૩.

અધિક અજ્ઞાન કરી પામર સ્વરૂપ ધરી માંગે ભિખ

---

૧. જડીબુટ્ટી. ૨. ઘડી.

ઘરિ ઘરિ[1] નાના દુ:ખ લહીએ, ગરે ધરી રિધ ખરી કરમત વિજ જરી ભૂલ ઈન જ્ઞાન ભાન દીન હીન રહીએ; ગુરુ વિભુ વેન એન સુનત પરત ચેન કરત જતન જેન ફેન સબ દહીએ, કરમ કલંક નાસે આતમ વિમલ ભાસે ખોલ દ્રગ દેખ લાલ તોપે[2] સબ કહીએ. ૨૪.

કાચી કાયા માયાકે ભરોસે ભમીયો તું બહુ નાના દુ:ખ પાયા કાયા જાત તોહુ[3] છોરકે, સાસ ખાસ સુલ હુલ નીર ભરે પેટ કુલ કોઢ મોઢ રાજ ખાજ જુરા તુહ[3] છોરકે; મુરછા ભરમ રોગ સદલ ડહલ સોગ મૂત ને પુરીસ રોક હોક સહે જોરકે, ઇત્યાદિ અનેક ખરી કાયા સંગ પીડ પરી સુંદર મસાન જરી પરી પ્યાર તોરકે. ૨૫.

ખેતી કરે ચિદાનંદ અઘ બીજ બોત વૃંદ રસહે શીંગાર આદ લાઠીરૂપ લઈ હે, રાગદ્વેષ તુવ ઘોર કસાય બલદ જોર શિરસેં મિથ્યાત ભોર ગર્દભી લગઇ હે; તોહોય પ્રમાદ આયુ ચક્કાર ઘટીલાયુ શિર પ્રતિ પ્રષ્ટ દષ્ટ હાર કર ખઇ હે, નાના અવતાર કાર ચિદાનંદ વાર ધાર ઇત ઉત પ્રેરકાર આતમકું દઇ હે. ૨૬.

ગોરકે વિભાવ દૂર અસિ ચાર લાખ નૂર[4] એહી દ્રવ્ય

---

૧. ધરે ધરે. ૨. તને. ૩. તને. ૪. ૮૪ લાખ જીવયોનિ.

વંજન પ્રજાય નામ લયો હે, મતિ આદિ જ્ઞાન ચાર વ્યંજન વિભાવ ગુન પરજાય નામ સુન સુદ્ધ જ્ઞાન ટર્યો હૈ; ચરમ શરીર પુન આતમ કિંચિત ન્યૂન વ્યંજન સુભાવ દ્રવ્ય પરજાય ધર્યો હૈ, ચાર હિ અનંત ફુન વ્યંજન સુભાવં ગુન શુદ્ધ પરજાય થાય ધાય મોક્ષ વર્યો હે. ૨૭.

ઘરિ ઘરિ આઉ ઘટે ઘરિ કાલ માન વટે રૂપરંગ તાન હટે મૂઢ કૈસે સોઇયે? જીયા તું તો જાને મેરો માત તાત સુત ચેરો તામે કૌન પ્યારો તેરો પાન કિય ગોઈએ; ચાહત કરણ સુખ પાવત અનંત દુઃખ ધરમ વિમુખ રૂખ ફેર ચિત રોઇએ, આતમ વિચાર કર કરતો ધરમ વર જનમ પદારથ અકારથ ન ખોઈએ. ૨૮

નરકો જનમ વાર વાર ન વિચાર કર રિદે શુદ્ધ જ્ઞાન ધર પરહર કામકો, પદમ વદન ઘન પદ મન અઠ ભન કનક વરન તન મનમથ વામકો; હરિ હર બ્રહ્મ વર અમર સરવ ભર મન મદ પર છર ધરે ચિત ભામકો, શીલ ફિલ ચરે જંબુ જારકે મદનતંબુ નિરારંગ અંગકંબુ આતમ આરામકો. ૨૯

છરદ કરત પ્રીર ચલત અનંત રીત જાનત ના હિત કિત શ્વાનદશા ધરકે, સુરી કુરી કુખ પરે નાના રૂપ પીર ધરે જાત હી અગન જરે મરે દુઃખ કરકે;

કુગુરુ કુદેવ સેવ જાનત ન તત્ત ભેવ માન અહમેવ મૂઢ કહે હમ ડરકે, મિથ્યામતિ આતમસરૂપ ન પિછાને તાતે ડોલત જંજાલમેં અનંત કાલ મરકે. ૩૦

જોર નાર ગરભસેં મદ મોહ લોભ ગ્રસે રાગ રંગ જંગ લસે રસક જીહાન રે, મનકી તરંગ ફસે માન સનમાન હસે ખાનપાન ધસમસે આતમ અજ્ઞાન રે; રિદ્ધિસિદ્ધિ ચિત લાવે પુત ને વિભૂત ભાવે પુગલકું ભોર ધાવે પરે દુઃખખાન રે, કરમકો ચેરો હુવો આસ બાંધ ઝુર મુવો ફેર મૂઢ કવો હમ હુવો બ્રહ્મજ્ઞાન રે. ૩૧

જનની રોઆઈ જેતી જનમ જનમ ધાર આંસુનસે પારાવાર ભરીએ મહાન[1] રે, આતમ અજ્ઞાન ભરી ચાટત છરદ કરી મનમે ન થી(ધી ?)ન પરિ ભરે ગંદ ખાન રે; તિશના તિહારી યારી છોરત ન એકધરી ભમે જગ જાલ લાલ ભૂલે નિજ થાન રે, અંધ મતિમંદ ભયો તપ તાર છોર દિયો ફેર મૂઢ કહે હમ હુવો બ્રહ્મજ્ઞાન રે. ૩૨

જલકે વિમલ ગુણ દલકે કરમ કુન હલકે અટલ ધૂન અઘ જોર કસીએ, ટલકે સુધાર ધાર ગલકે મલિન ભાર છલકે ન પુરતાર મોક્ષ નાર રસીએ; ચલકે સુજ્ઞાન મગ છલકે સમર ઠગ મલકે ભરમ જગ–જાલમેં

---

૧. એટલા આંસુ પડાવ્યા છે કે તેનાવડે મોટા સમુદ્ર ભરાય.

ન ફસીએ, થલકે બસનહાર ખલકે લગન ટાર ટલકે કનક નાર આતમ દરસીએ. ૩૩.

ટહુકે સુમન જેમ મહુકે સુવાસ તેમ જહુકે રતન હેમ મમતાકું મારી હે, દહુકે મદનવન કરકે નગન તન ગહુકે કેવલ ધન આસપાસ ડારી હે; કહુકે સુજ્ઞાનભાન લહુકે અમર થાન ગહુકે અખર તાન આતમ ઉજારી હે, ચહુકે ઉવાર દીન **રાજમતિ** પાર-કીન એસે સંત ઇશ પ્રભુ બાલબ્રહ્મચારી હે. ૩૪.

ઠોર ઠોર ઠાનત વિવાદ પખપાત મૂઢ જાનત ન મૂર ચૂર સત મત વાતકી, કનક તરંગ કરી શ્વેત પીત ભાન પરી સ્યાદવાદ હાન કરી નિજ ગુણ ઘાતકી; પર્યો બ્રહ્મજાલ ગરે મિથ્યામત રીઝ ધરે રહત મગન મૂઢ જુરી ભરે ખાતકી, આતમસરૂપઘાતી મિથ્યામત–રૂપકાતિ એસો બ્રહ્મઘાતી હે મિથ્યાતી મહાપાતકી. ૩૫

ડર નર પાપ કરી દેત ગુરુ શિખ ખરી માનલે એ હિત ધરી જનમ વિહાતુ હૈ, જોવન ન નિત રહે વાગ ગુલ જાલ મહે આતમ આનંદ ચહે રામા ગીત ગાતુ હે; બકે પરનિંદા જેતી તકે પર રામા નેતી થકે પુન્ય ફેર સેતી મૂઢ મલકાતુ હે, અરે ! નર ભોરે તોકું કહું રે સચેત હોરે પિંજરેકું તોરે દેખ પંખી ઉડ જાતુ હૈ. ૩૬.

ઢોરવત રીત ધરી ખાન પાન તાન કરી પુરન ઉદર ભરી ભાર નિત વહ્યો હૈ, પીત અનગલ નીર કરત ન પર પીર રહત અધીર કહા શોધ નહી લહ્યો હૈ; વાલ વિન પળ તોલ ભક્ષાભક્ષ ખાત ઘોલ હરત કરત હોલ પાપ રાચ રહ્યા હૈ, શીંગ પુચ્છ દાઢી મુછ વાત ન વિશેષ કછુ(કુછ) આતમ નિહાર અછુ (ઉછ) મોટ રૂપ કહ્યા હૈ. ૩૭

નીકે મધુ પીકે ટીકે શીખંડ સુગંડ લીકે કરત કલોલ જીકે નાગબેર ચાખ રે, અતર કપૂર પૂર અગર તગર ભૂર મૃગમદ ઘનસાર ભરે ધરે ખાત રે; સેવ આરૂ આંબ દારૂ પીસતા બદામ ચારૂ આતમ ચંગેરા પેરા ચખત સુદાખા રે, મૃદુ તન નાર ફાસ સજકે જંજીર પાસ પકરી નરકવાસ અંત ભઇ ખાખ રે. ૩૮

તરૂ ખગ વાસ વસે રાત ભએ કસમસે સૂર ઊગે જાત દસે દૂર કરી ચીલના, પ્યારે તારે સારે ચારે ઐસી રીત જાત ન્યારે કોઉ ન સંભારે ફેર મોહ કહા કીલના; જૈસે હટવાલે મોલ માલકે વીછર જાત તૈસે જગ આતમ સંજોગ માન દીલના, કૌન વીર મિત્ત તેરો જાકો તુ કરત હેરો રયેન[1] વસેરો તેરો ફેર નહી મીલના.૩૯

---

૧. રાત્રિ માત્ર.

થોરે સુખ કાજ મૂઢ હારત અમર રાજ કરત અકાજ જાને લેવું જગ લૂંટકે, કુટુંબકે કાજ કરે આતમ અકાજ ખરે લચ્છી જોર ચોર હરે મરે શિર કુટકે; કરમ સનેહ જોર મમતા મગન ભોર પ્યારે ચલે છોર જોર રોવે શિર કુટકે, નરકો જનમ પાય વીરથા ગમાય તાય ભૂલે સુખ રાહ છલે રીતહાથ[1] ઉટકે. ૪૦

દેવતા પ્રયાસ કરે નરભવ કુલ ખરે સમ્યક શ્રદ્ધાન ધરે તન સુખકાર રે, કરણ અખંડ પાય દીરઘ સુહાત આય સુગુરુ સંજોગ પાય વાણી સુધા ધાર રે; તવ(ત્વં) પ્રતીત લાય સંજમ રતન પાય આતમસરૂપ ધાય ધીરજ અપાર રે, કરત સુપ્યાર લાલ છોર જગ ભ્રમ-જાલ માન મિત્ત જિત કાળ વૃથા મત હાર રે. ૪૧

ધરત સરૂપ ખરે અધર પ્રવાલ જરે સુંદર કપુર ખરે રદન સોહાન રે, ઇંદુવત વદન જ્યું રતિપતિ મદન જ્યું ભયે સુખ મગન જ્યું પ્રગટ અજ્ઞાન રે; પીક[2] ધુન સાદ કરે ધામ દામ ભુર ભરે કામનીકે કામ જરે પરે ખાનપાન રે, કરતા તું માન કાહ આતમ સુધાર રાહ નહિ ભારે માન છોરે સોવના મસાન રે. ૪૨

---

૧. ખાલી હાથે. ૨. કોયલ.

નરવર હરિ હર ચક્રપતિ હલધર કામ હનુમાન વર ભાનતેજ લસે હૈ, જગત ઉદ્ધાર કાર સંઘનાથ[1] ગણધાર કુરન પુમાન સાર તેઉ કાલ ગ્રસે હૈ; હરિચંદ મુંજ રામ પાંડુસુત શીતધામ નલ ઠામ છર વામ નાના દુઃખ ફસે હૈ, દેઢ દિન તેરી બાજી કરતો નિદાન રાજી આતમ સુધાર શિર કાળ ખરો હસે હૈ. ૪૩.

પરકે ભરમ ભોર કરકે કરમ ઘોર ગરકે નરક જોર ભરકે મરદમેં, ધરકે કુટુંબ પૂર જરકે આતમ નૂર લરકે લગન ભૂર પરકે દરદમેં; સરકે કુટુંબ દૂર જરકે પરે હજૂર મરકે વસન મૂર ખરકે લલદમેં, ભરકે મહાન મદ ધરકે નિવન હદ ધરકે પુરાન રદ મીલકે ગરદમેં. ૪૪.

ફટકે સુજ્ઞાન સંગ મટકે મદન અંગ ભટકે જગત કંગ કટકે કરદમેં, રટકે તો નાર નામ ખટકે કનક દામ ગટકે અભક્ષચામ ભટકે વિહદમેં; હટકે ધરમ નાલ ડટકે ભરમ જાલ છટકે કંગાલ લાલ રટકે દરદમેં, ઝટકે કરત પ્રાન લટકે નરક થાન ખટકે વ્યસન મિલ આતમ ગરદમેં. ૪૫.

દ્વારામતી નાથ નીકે સકલ જગત ટીકે હલધર ભ્રાત નીકે સેવે બહુ રાન હૈ, હાટકપ્રાકાર[2] કરી

---

૧. તીર્થંકર ૨. સોનાનો કિલ્લો.

રતનકોશીશ[1] જરી શોભત અમરપુરી સાજન મહાન રે; પુન વીતે હાથરીતે[2] સંપત વિપત લીતે હાય સાદ રોદ કીતે તજ્યો નિજ થાન રે, સોગ ભરે છોર ચરે વનમેં વિલાપ કરે આતમ સીયાનો કાકો કરતા ગુમાન રે. ૪૬.

ભૂલ પરી મીત તોય[3] નિજ ગુન સબ ખોય કીટ ને પતંગ હોય અપ્પા વીસરતુ હૈ, હીન દીન ડીન ચાસ દાસ વાસ ખીન ત્રાસ કાસ પાસ દુઃખ ભીન જ્ઞાનતે ગીરતુ હૈ; દુઃખ ભરે ઝૂર મરે આપદાકી તાન ગરે નાના સુત મિત્ત કરે ફિર વિસરતુ હૈ, આતમ અખંડ ભૂપ કરતો અનંત રૂપ તીન લોક નાથ હોકે દીન કયું ફીરતુ હૈ ?

મહાજોધા કર્મ સોધા સત્તાકો સરૂપ બોધા ઠારત અગન ક્રોધા જડમતિ ધોયા હું, અજર અમર સિદ્ધ પુરન અખંડ રિદ્ધ તેરે વિન કૌન દીધ સબ જગ જોયા હું; મુજસેં તુ ન્યારો ભયો ચાર ગતિ વાસ થયો દુઃખકું અનંત લહ્યો આતમ વીગોયા હું, કરતા ભરમજાલ ફસ્યો હું બીહાલ હાલ તેરે વિન મિત્ત મેં અનંત કાલ રોયા હું. ૪૮.

ઈમ આદ કુમતાસેં પ્રીત કરી નાથ મેરે હરે

---

૧. રતનના કાંગરા. ૨. ખાલી હાથે. ૩. તારી.

अब गुन तेरे सत बात बोलुं हुं, महासुखकारी प्यारी नारी न्यारी छारी धारी मोहनृपदारी कारी दोष भरे तोरुं हुं; हित करुं चित धरुं सुखके भंडार भरुं सम्यक सरूप धरुं कर्म छार छोरुं हुं, आतम पीयार कर कुमत भरम हर तेरे विन नाथ हुं अनाथ भई डोलुं हुं. ४९.

रुल्यो हुं अनादि काल जगमें बीहाल हाल काट गत चार जाल ढार मोहकीरको, नरभव नीठ पायो दुषम अंधेर छायो जग छोर धर्म धायो गायो नाम वीरको; कुगुरु कुसंग तोर सत मत जोर दोर मिथ्यामति करे सोर कौन देवे धीरको ? आतम गरीब खरो अब न विसारो धरो तेरे बिन नाथ कौन जाने मेरी पीरको. ५०.

रोग सोग दुःख परे मानसी [1]वीथाकुं धरे मान सनमान करे हुं करे जंजीरको, मंदमति भूत रूप कुगुरु नरक हुत संग करे होत भंग कांजी संग छिरको; चंचल विहंग मन दोरत अनंगवन धरी शीर हाथ कौन पूछे मृगनीरको[2], आतम गरीब खरो अब न विसारो धरो तेरे बीन नाथ कौन मेटे मेरी पीरको. ५१.

---

१. व्यथाने. २. मृगजळ–झांझवानां पाणी.

લોક ઓક જાને કીત આતમ અનંત મીત પુરન અખંડ નીત અવ્યાબાધ ભૂપકો, ચેતન સુભાવ ધરે જડતાસેં દૂર પરે અજર અમર ખરે છાંડત વિરૂપકો; નરનારી બ્રહ્મચારી શ્વેત શ્યામ રૂપધારી કરતા કરમ કારી છાયા નહિ ધૂપકો, અમર અકંપ ધામ અવિકાર બુધ નામ કૃપા ભઇ તોરી નાથ જાન્યો નિજ રૂપકો. ૫૨.

વાર વાર કહું તોય સાવધાન કૌન હોય મિત્ત નહિ તેરો કોય ઊંધી મતિ છઇ હૈ, નારી પ્યારી *જાન ધારી ફિરત જગત ભારી સુદ્ધ બુદ્ધ લેત સારી* લુંટવેકો ઠઇ હૈ; સંગ કરો દુઃખ ભરો માનસી અગન જરો પાપકો ભંડાર ભરો સુધી મતિ ગઈ હૈ, આતમ અજ્ઞાન ધારી નાચે નાના સંગ ધારી ચેતનાકે નાથકું અચેતના કયા ભઇ હૈ? ૫૩.

શીત સહે તાપ દહે નગન શરીર રહે ઘર છોર વન રહે તજ્યો ધન થોક હૈ, વેદ ને પુરાણુ પરે તત્વમસિ તાન ધરે તર્ક ને મીમાંસ ભરે કરે કંઠ શોક હૈ; ક્ષણુમતિ બ્રહ્મપતિ સંખ ને કણાદ ગતિ ચારવાક ન્યાયપતિ જ્ઞાન વિનુ ઓક હૈ; રંગ બહીરંગ અછુ મોક્ષકે ન અંગ કછુ આતમ સમ્યક વિન જાણ્યો સબ ફોક હૈ. ૫૪.

*ષટ પાર સાત ડાર આઠ છાર પાંચ જાર ચાર માર તીન ફાર લાર તેરી ફરે હૈ, તીન દહ તીન ગહ પ્રાંચ કહ પાંચ લહ પાંચ ગહ પાંચ બહ પાંચ દૂર કરે હૈ; નવ પાર નવ ધાર તેરકું વિડાર ડાર દશકું નિહાર પાર આઠ સાથ લરે હૈ, આતમ સુજ્ઞાન જાન કરતો અમર થાન હરકે તિમિર માન જ્ઞાનભાન ચરે હૈ. ૫૫.

શીતલ સરૂપ ધરે રાગ–દ્વેષ વાસ જરે મનકી તરંગ હરે દોષનકી હાન રે, સુંદર કપાલ ઊંચ કનક વરણ કુચ અધર અનંગ રૂચ પીક ધુન ગાન રે; ષોડશ શિંગાર કરે જોબનકે મદ ભરે દેખકે નયન ચરે જરે કામરાન રે, ઐસી જિન રીત મિત આતમ અનંગ જિત કાકો મૂઢ વેદ ધીત ઐહી બ્રહ્મજ્ઞાન રે. ૫૬.

હિરદેમેં સુન ભયો સુધતા વિસર ગયો તિમિર અજ્ઞાન છયો ભયો મહાદુ:ખીયો, નિજ ગુણ સુજ નાહિ સત મત બુઝ નાહિ ભરમ અરૂઝ તાહિ પરગુન રુશીયો; તાપ કરવેકો સુર ધરમ ન જાન મૂર[1] સમર કસાય વહ્નિ અરણમેં ધુખીયો, આતમ અજ્ઞાન બલ કરતો અનેક છલ ધાર અઘમલ[2] ભયો મૂઢનમે મુખીયો. ૫૭.

---

* આ સવૈયાનું મૂળ રહસ્ય આ પુસ્તકના પ્રારંભમાં આપેલ છે. ૧ મૂળ. ૨. પાપરૂપી મેલ.

લંબન મહાન અંગ સુંદર કનક રંગ સદન વદન ચંગ ચાંદસા ઉજાસા હૈ, રસક રસીલ દગ દેખ માને હાર મૃગ શોભત મંદાર શૃંગ આતમ બરાસા હૈ; **સનતકુમાર** તન નાકનાથ[1] ગુણ ભન દેવ આય દરશન કર મન આસા હૈ, છિનમેં બિગર ગયો કયા હે મૂઢ માન ગયો પાનીમેં પતાસા તેસા તનકા તમાસા હૈ. ૫૮.

ક્ષીણ ભયો અંગ તોઉ મૂઢ કામ ધન જોઉ કહા કરે ગુરુ કોઉ પાપમતિ સાજી હૈ, ખેલને શીંઘાન ચાટ માને સુખ કેરો થાટ આનન ઉચાટ મૂઢ ઐસી મતિ ચાજી હૈ; મૂત ને પુરીસ પરી મહાદુરગંધ ભરી ઐસી જોનિવાસ[2] કરી ફેર ચહે પાજી હૈ, કરતો અનિત રીત આતમ કહત મિત ગંદકીકો કીરો ભયો ગંદકીમેં રાજી હૈ. ૫૯

ત્રાતા ધાતા મોક્ષદાતા કરતા અનંત સાતા વીર ધીર ગુણ ગાતા તારો અબ ચેરેકો, તુંજ હૈ મહાન મુનિ નાથનકે નાથ ગુણી સેવું નિશદિન કુની જાનો નાથ દેરે કો; જૈસો રૂપ આપ ધરો તૈસો મુજ દાન કરો અંતર ન કુછ કરો ફેર મોહ ચેરેકો, આતમ

---

૧. ઈંદ્ર. ૨. ગર્ભવાસ.

સરણુ પર્યો કરતો અરજ ખરો તેરે વિન નાથ કોન મેટે ભવ ફેરેકો ? ૬૦

જ્ઞાન ભાન કહા મોરે ખાનપાન દારા જોરે મન હુ વિહંગ દોરે કરે નાહિ થીરતા, મુજસો કઠોર ઘોર નિજ ગુણુ ચોર ભોર ડારે બ્રહ્મ ડોર જોર ફીરું જગ ફીરતા, અબ તો ઠિકાને ચર્યો ચરણુ સરણુ પર્યો નાથ શિર હાથ ધર્યો અઘ જાય ખીરતા, આતમ ગરીબ સાથ જૈસી કૃપા કરી નાથ પીછે જો પકરો હાથ કાકો જગ ફીરતા. ૬૧

શીલીવાર બ્રહ્મચારી ધરમરતન ધારી જીવન આનંદકારી ગુરુ શોભા પાવની, તિનકી કૃપા જ કરી તત્ત્વ મત જાન પરી કુગુરુ કુસંગ ટરી શુદ્ધ મતિ ધાવની; પઢતો આનંદ કરે સુનતો વિરાગ ધરે કરતો મુગત વરે આતમ સોહાવની, સંવત તો મુનિ કર નિધિ ઇંદુ (૧૯૨૭) સંખ ધર તત ચીન નામ કીન **ઉપદેશબાવની.** ૬૨. ઇતિ.

કરતા હરતા આતમા, ધરતા નિરમલ જ્ઞાન;
વરતા ભરતા મોક્ષકો, કરતા અમૃત પાન. ૧

ज्ञान

दर्शन ज्ञानक्रियाभ्यां मोक्षः चारित्र

सि
सा अ आ
उ

सम्यग् ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.